રજુ તારીખ : ૦૩/૦૯/૨૦૧૨
દાખલ તારીખ : ૦૩/૦૯/૨૦૧૨
નિકાલ તારીખ :૧૪/૧૦/૨૦૨૧
સમયગાળોઃ <u>વર્ષ–માસ–દિવસ.</u>
૦૯ – ૦૧ – ૧૧

सत्यमेव जयते

**વઢવાણના મહેરબાન એડિશનલ સિવિલ જજ (કે.એન.નિમાવત) સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ :– વઢવાણ.**

**રે.દિ.કેસ નં.૧૮/૨૦૧૨**
**આંક–**

મકનભાઈ મગનભાઈ પટેલ,
ઉ.વ.આ.૮૦ ધર્મે હિન્દુ, ધંધો–ખેતી,
રહે.મુ.બલદાણા તા.વઢવાણ જી.સુ.નગર
વાળાના કુલ મુખત્યાર.
રામજીભાઈ મકનભાઈ પટેલ,
ઉ.વ.આ.૪૮ ધર્મે હિન્દુ ધંધો–ખેતી,
રહે.મુ.બલદાણા તા.વઢવાણ. જી.સુ.નગર ........**વાદીઓ**

–:: **<u>વિ રૂધ્ધ</u>** ::–

(૧) <u>સ્વ.ત્રિકમભાઈ ધરમશીભાઈ પટેલના વારસો.</u>

(એ) દલસુખભાઈ ત્રિકમભાઈ પટેલ, ઉ.વ.આ.૫૩
(બી) દેવરાજભાઈ ત્રિકમભાઈ પટેલ,ઉ.વ.આ.૪૩
નં–એ–બી રહે.બલદાણા તા.વઢવાણ.
(સી) લાભુબેન ત્રિકમભાઈ પટેલ, ઉ.વ.આ.૫૭
તે નાનજીભાઈ ઠાકરસીભાઈ પટેલના ધર્મ પત્ની
રહે.મુ.ખારવા તા.વઢવાણ.
(ડી) લીલાબેન ત્રિકમભાઈ પટેલ, ઉ.વ.આ.૫૫
તે શંકરભાઈ ડાયાભાઈ પટેલના ધર્મ પત્ની
રહે.મુ.સાયલા જી.સુ.નગર.

(ઈ) મંજુબેન ત્રિકમભાઈ પટેલ, ઉ.વ.આ.૪૯,
તે મહાદેવભાઈ ઠાકરસીભાઈ પટેલના ધર્મ પત્ની,
રહે.હરીઓમમીલ મોતીનાથ રો હાઉસ–સુરત

(એફ) ચંદ્રીકાબેન ત્રિકમભાઈ પટેલ,ઉ.વ.આ.૪૭,
તે રણછોડભાઈ પ્રભુભાઈ પટેલના ધર્મ પત્ની,
રહે.ઠે.સભાણી પા સાયલા જી.સુ.નગર.

(જી) લલીતાબેન ત્રિકમભાઈ પટેલ, ઉ.વ.આ.૪૪
તે ઈશ્વરભાઈ પરસોતમભાઈ પટેલાના ધર્મ પત્ની,
રહે.મુ.ગંજેળા તા.ધ્રાંગધ્રા. જી.સુ.નગર

(એચ) ધનીબેન ત્રિકમભાઈ પટેલ,ઉ.વ.આ.૩૭,
રહે.મુ.બલદાણા તા.વઢવાણ.
તમામ ધર્મે હિન્દુ, ધંધો–ખેતી,

(૨) ભરતભાઈ કાનજીભાઈ પટેલ,
(૩) કિશોરભાઈ કાનજીભાઈ પટેલ,
(૪) મકનભાઈખીમાભાઈ પટેલ,
સર્વે ઉમર પુખ્ત વયના ધર્મે હિન્દુ,ધંધો–ખેતી,
રહે.મુ.બલદાણા તા.વઢવાણ. ............**પ્રતિવાદીઓ**

<u>દાવો</u>– <u>કાયમી મનાઈહુકમ તથા વિજ્ઞાપન મેળવવા અંગેનો..</u>

**એડવોકેટસઃ–**

---

વાદીઓ તરફે :–વિ.વ.શ્રી વાય.વી.મહેતા
પ્રતિવાદીઓ તરફે :– વિ.વ.શ્રી આર.જી.ટાપરીયા

---

–:: **ઠ રા વ** ::–

**(૧)** આ કામમાં વાદીએ તા.૦૩–૦૯–૨૦૧૨ ના રોજ દાવો લાવી અરજ કરેલ છે કે, આ કામના વાદીનુ મોજે ગામ બલદાણા તા.વઢવાણ ની સીમમા રે.સ.નં.૪૯/પૈકી–૨ નુ ખેતર નામે " કાઠાના આડા મારગનુ " એકર–૧૧–૦૫ ગુઠા નુ મુળ સવજીભાઈ મોરેભાઈ પટેલની માલીકીનુ હતુ. તેઓએ સદરહુ ખેતર મુ.બલદાણાના રહીશ રામજીભાઈ જહાભાઈ પટેલ તથા પોપટભાઈ જહાભાઈ પટેલને અધાટ વેચાણ આપેલ તેઓ પાસેથી સદરહુ ખેતર પૈકીની ઉગમણી બાજુની સીમ જમીન એકર–૫–૦૫ ગુઠાના આશરે માપની વાદીના પીતા નામેમગનભાઈ ચતુરભાઈ પટેલનાઓએ રજી.દસ્તાવેજ નંબર–૧૨૯૨ નો તા.૧૧–૬–૧૯૭૪ નારોજ અધાટ વેચાણ રાખેલ. ત્યાર બાદ વાદીના પીતાએ તેમની હૈયાતીમા તેમના બે પુત્રો સંતાનને વહેચણીથી આપેલ જેમા વાદીએ સદરહુ રે.સ.નં.૪૯/પૈકી–૨ પૈકીની એકર–૫–૦૫ ગુઠાના માપની સીમ જમીનમાથી એકર–૨–૦૨ ગુઠા માપેની આથમણી બાજુની સીમ જમીન વાદીના ભાગમા વહેચણીથી આપેલ અને તેઓની ઉગમણી બાજુ એટલે કે એકર–૨–૨૫ ગુઠા ના માપેની જમીનવાદીના ભાઈ ગોવીંદભાઈ મગનભાઈ પટેલના ભાગમા વહેચણીથી આપેલ જેની મોજે બલદાણાના

ગામ નમુના નં.૬ ના હકક પત્રકનીનોધ નં.૩૨૮૦ થી પડેલ છે. આમ સદરહુ જમીન વાદીઓની વડીલોપાર્જીત જમીન આવેલી છે. અને તે તેઓના સ્વતંત્ર કબજા ભોગવટામા આવેલી છે.ફ અને સદરહુ જમીન તેઓના બલદાણા ગામના ખાતા નં.૨૪૨ થી આવેલી છે. તેમજ સદરહુ સીમ જમીનના ગામ નમુના નં.૭/૧૨ અને ૮–અ પણ વાદીઓના નામના છે. સદરહુ જમીનની ચર્તુદીશા દાવાઅરજી ના પાના નંબર–૩ ના પેરા–૧ મા જણાવ્યા મુજબની આવેલ હોવાનુ જણાવેલ છે.આમ આ કામના તમામ પ્રતિ.ઓના ખેતરો પણ વાદીના ખેતરની આજુબાજુ આવેલા છે તેમજ ઉગમણી બાજુ એટલે કે પુર્વ તરફના ભાગે તેઓની સીમ જમીન આવેલી છે. જેમા પ્રતિ.નં.૧ ત્રિકમભાઈ ધરમસીભાઈ પટેલની રે.સ.નં.૪૯/પૈકી–૩/૧ વાળી જમીન હેકટર ૧–૦૧–૧૭ આરે ચો.મી. એટલ કે એકર–૨–૨૦ ગુઠા ના માપેની જમીન ધરાવે છે. તેમજ તેનાથી પુર્વના ભાગે રેસ.નં.૫૧/૨ હેકટર–૧–૯૬–૨૮ આરે ચો.મી.એટલે કે એકર–૪–૩૪–ગુઠાના માપની જમીન ધરાવે છે. આમ પ્રતિવાદી નં૧ બે ખેતરો ધરાવે છે. તેમજ પ્રતિ.નં.૨ રે.સ.નં.૫૦/૧ ની હેકટર–૦–૯૮–૧૪ આરે ચો.મી.એકર–૨–૧૭ ગુઠાના માપની જમીન ધરાવે છે. તેમજ આ કામના પ્રતિવાદી રે.સ.નં.૫૦/૨ ની હેકટર–૧–૩૮–૬૧ આરે ચી.મી.એટલે કે એકર–૩–૧૭–ગુઠા ના માપેની સીમ જમીન ધરાવે છે. તેમજ આ કામના પ્રતિવાદી નં.૪ રે.સ.નં.૫૧/૧ વાળી હેકટર ૦૧–૦૭–૨૪ આરે ચો.કી.એટલ ે કે એકર–૨–૨૬–ગુઠા ના માપેની સીમ જમીન ધરાવે છે. આમ આ કામના વાદી તથા પ્રતિવાદી નં.૧ અને ૩ ના સીમ વાળા ખેતરોની દક્ષિણ તરફઆડો મારગ છે તે ઉપર આથમણી બાજુ ચાલીને દક્ષિણ તરફથી પોતાના ખેતરોમા અવારજવાય છે. આમ વાદી તથા પ્રતિવાદી નં.૧ અને ૩ ના સીમ વાળા ખેતરોની દક્ષિણ તરફ આડો જાહેર ધોરી મારગ પુર્વ–પશ્રિમ આવેલ છે. અને આ બને મારગ હાલમા પણચાલુ સ્થિતિમા છે. તેમજ પ્ર તિવાદી નં.૨ નાઓ ભરતભાઈ કાનજીભાઈ પટેલ પ્રતિ.નં.૩ ના રે.સ.નં.૫૦/૨ ના ઉગમણા અથવા આથમણા શેઢા પરથી દક્ષિણ તરફ ચાલીને પોતાના ખેતરમા એટલ ે કે રે.સ.નં.૫૦/૧ મા સહેલાઈથી જઈ આવીશકાય છે. તેમજપોતાના ગાડા, મારગ, સાતી, ઢોર ઢાખર વાહન લઈ જઈ લાવી શકે તેમ છે. તેમજ પ્રતિવાદી નં.૪ મકનભાઈ ભીમાભાઈ પટેલ નાઓપણ પ્રતિ.નં.૧ ના રે.સ.નં.૫૧/૨ વાળા ખેતરના ઉગમણા કે આથમણા શેઢા પરથી પોતાના ખેતરમા દક્ષિણથીઉતર તરફ ચાલીને સહેલાઈથી જઈ આવી શકે તેમ છે. વિશેષમા આ કામના પ્રતિવાદી નં.૧–૨–અને ૩ નાઓ એકબીજાના નજીકના સગાઓ છે.તેમજ આ રીતે ચાલવાથી પ્રતિવાદીઓને કોઈ અગવડતા કે સગવડતામા ઘટાડો થાય તેમ નથી અને તેમનો ચાલાનો તેમજ ગાડા,સાતી,સંચ ઢોર,ઢાખર વાહનો વિગેરે લઈ જવા લાવવાનો પ્રથમથીજ રસ્તો આવેલ છે. અને આ જ રસ્તો તેઓનામાટે મુખ્ય રસ્તો છે. આમ વાદી તથા પ્રતિ.નં.૧ અને ૩ ના ખેતરની દક્ષિણ બાજુ પુર્વ–પશ્રિમ ભોગાવા નદીના આડો મારગ વાદીઓના ખેતરોને અડીને જ આવેલ છે. એટલે કે વાદીઓના ખેતરોની દક્ષિણ બાજુના શેઢાને અડીને આવેલ છે. સદરહુ આડો મારગ એ ધોરીમારગ છે. અને તેકાયમી મારગ છે અને સદરહુ હવે પકડેલોમારગ છે અને સારી રીતે ચાલુ સ્થિતિમા કાર્યરત છે.વિશેષમા ચુડાના મારગ અને લીયાદ ના  મારગ વચ્ચેના અંતરીયાળાખેતરો કે સીમ જમીનમા જવા આવવામાટે તેમજ ગાડા,સાતી,ઢોર,ઢાખર વાહનો યત્રો લઈ જવાલાવવા માટેના મારગ પાડવામા આવેલા છે. અને સદરહુ પેટા મારગ રે.સ.નં.૪૫ ના ઉતર બાજુ વાયવ્ય ખુણેપુર્ણ થઈ જાય છે. તેમજ રે.સ.નં.૪૫ કે જે બીપીનભાઈ મકનભાઈ પટેલના રે.સ.નં.૭૦ પૈકી–૨/૨ રામજીભાઈ મકનભાઈ પટેલ એટલે કે વાદીના પુત્રોના ભાગમા આ ખેતર છે.કે જે વાદીએ વહેચણથી આપેલ છે.  તેમજ સદરહુ પેટા મારગ પરથી રે.સ.નં.૪૫ વાળા ખેતરના આથમણા શેઢા પરથી વાદીના રે.સ.નં.૪૯ પૈકી/–૨/૧ વાળા ખેતરમા

સમાંતર વચ્ચેના ભાગે પહોચે છે.અને સદરહુ ખેતરોમા આ કામના વાદીઓએ સારુ એવુ ખર્ચ પણ કરેલ છે. વધુમા આ કામના પ્રતિવાદીઓ આશરે એપ્રીલ–મે સને ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન વાદીના રે.સ.નં.૪૯/પૈકી–૨/૧ વાળા ખેતરના વચ્ચેના ભાગે સદરહુ પેટા મારગ પર થઈનેઉતારા દખણાદા બાજુ ચાલીને ભોગાવાના આડા મારગ પર થઈને તેઓ પોતાના ખેતરમા જવા આવવા લાગેલા તેમજ તેમના ગાડા,સાતી, સંચ વિગેરે લઈ જવા લાવવા લાગેલા આથી વાદીને તેમના ખેતરમા વાવેલ પાકને નુકશાન થયેલઆથી વાદીએ આ કામના પ્રતિવાદીઓને જણાવેલ મે આ રીતે તમો અમારા ખેતરમાથી જઈ આવી શકતા ન હોય તમોને ચાલવાનો કે તમારા સાડી,સંચ વિગેરે લઈ જવા લાવવાનો કોઈ હકક કેઅધિકાર આ રીતે નથી. તમોનો રસ્તો ચુડાના મારગે થઈને આડા મારગ વાળા કાયમી ધોરી મારગ ઉપરથી તમો તમારા ખેતરમા જાવ આવો આથી આ કામના પ્રતિવાદીઓ અને તેઓએકહેલ કે અમો હવે આ રસ્તેથી જ ચાલીશુ હવેથી અમોને આ જ મારગ અનુકુળ પડે છે. તેથી તારે જવુ હોય ત્યા જા અને થાય તેમ કહી લેજે અમારુ કોઈ કશુ બગાડીલેવાનુ નથી.પછી આ કામના વાદીને મામ.સાહેબ સમક્ષ રસ્તાની સ્પષ્ટતા અંગે પ્રતિવાદીઓ વિરુઘ્ધ કેસ દાખલ કરેલ અને મામ.સાહેબે વાદીની તરફેણમા હુકમકરેલઅને તેઓનેત્રિજો વૈકલ્પીક રસ્તો આપેલઅને વાદીના રે.સ.ન.૪૯/પૈકી–૨/૧ વાળા ખેતરની વચ્ચેની ચાલવાનો પ્રતિવાદીઓને હકક બંધ કરવાનો હુકમ કરેલ તેમ છતા આ કામના પ્ર તિવાદીઓ સદરહુ રીતે વાદીના ખેતરમાથી ચાલવાનુ તેમજ તેમના ગાડા, સાતી, સંચ વાહનો વિગેરે લઈ જવાનુ ચાલુ રાખેલ. આથી મામ.સાહેબના હુકમના અપાલનઅંગે પોલીસ કચેરી વઢવાણના પી.એસ.આઈ સમક્ષ ફરીયાદ કરેલ પછી તેઓએ વઢવાણ મામ.સાહેબના હુકમથી નારાજ થઈને ના.ક.સાહેબ વઢવાણ ડીવીજન સમક્ષ રીવીઝન દાખલ કરેલ અને મજકુર સાહેબેમામ.સાહેબના હુકમને તેવુ જણાવીને રદ કરેલ કે મામ.સાહેબે સદરહુ હુકમ પોતાના અધિકાર ક્ષેત્રનીબહાર જઈને કરવામા આવેલ છે. આથી તે સામુે વાદીએ ફેર તપાસ અરજી દાખલ કરેલ છે અને જે હાલ પેન્ડીગ પણ છે. જેથી આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ સામે હાલનો આ દાવો દાખલ કરી એવી દાદ માગેલ છે કે :–

(અ) દાવા અરજી પેરા–૧ મા જણાવેલ બલદાણાની સીમ રે.સ.ન.૪૯/પૈકી–૨/૧ વાળી વાદીની વડીલોપાર્જીત માલીકી અને સુંવાંગ શાંત અને નિર્ભય અને સ્વતંત્ર કબજા ભોગવટાવાળા ખેતરમાં કયાયથી આ કામનાન પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટ, પ્રતિનીધીઓ ઉતરાધિકારીઓ લાયસંન્સી કે નોકર,કડીયા,દાડીયા, કે પ્રતિવાદી થકી કોઈ પણ વ્યકિત કે ત્રાહીત માણસોને પેટા મારગ કરીને કે પેટા મારગ લંબાવીને કે અન્ય કોઈ રીતે ચાલવાનો કે પ્રવેશ કરવાનો કે કરાવવાનો કે ગાડા, સાતી, ઢોર,ઢાખર,વાહનો યંત્રો વિગેરે લઈ જવા લાવવાનો કોઈ પણ હકક કે અધિકાર નથી તેમજ વાદીના ખેતરમા પ્રતિવાદીઓનો ટ્રેસપાસ કરવાનો કે વાદીની સીમ જમીનમા દબાણ કરવાનોકોઈ હકક કે અધિકાર નથી તેવો કાયમી મનાઈ હુકમ વાદીના લાભમા અને પ્રતિવાદીઓની વિરુઘ્ધમા ફરમાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. તેમજ

(બી) આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટ પ્રતિનીધીઓ ઉતરાધિકારીઓ કે લાયસંન્સી કે નોકર, કડીયા દાડીયા, કે પ્રતિવાદી થકી કોઈપણ વ્યકિત કે ત્રાહીત કે માણસોને વાદીના સીમ રે.સ.નં.૪૯/પૈકી–૨/૧ વાળી સીમ જમીનમા કોઈપણ પણ પ્રકારની ખલેલ, અડચણ, અટકાયત, કરવાનો કે પેટા મારગ કરી તેનો કોઈ

પ્રકારનો ઉપભોગ કે ભોગવટો કરવાનો અને કોઈપણ કૃત્ય કરવા કોઈને પણ હકક નથી તેવુ વિજ્ઞાપન પ્રતિવાદીઓનીવિરુધ્ધમા ફરમાવવા અરજ ગુજારેલ છે તેમજ

(સી) આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટ પ્રતિનીધીઓ ઉતરાધિકારીઓ લાયસંન્સી કે નોકર, કડીયા દાડીયા, કે પ્રતિવાદી થકી કોઈપણ વ્યકિત કે ત્રાહીત કે માણસોને વાદીના સીમ રે.સ.નં.૪૯/પૈકી–૨/૧વાળા ખેતર સિવાય તેમને મળતા અને ઉપલબ્ધ અન્ય વૈકલ્પીક રસ્તેથી જ તેમના ખેતરમા જાય અથવા આવે અથવા ગાડા,સાતી,ઢોર,ઢાખર,વાહનો યંત્રો વિગેરે લઈ જાય લાવે તેવો આદેસાત્મક કાયમી મનાઈહુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે તેમજ

(ડી) પ્રતિવાદીઓ ધ્વારા ગેર કૃત્ય કરીને વાદીના સીમ રે.સ.નં.૪૯/પૈકી–૨/૧વાળા ખેતરમા ગેર કાયદેસર રીતે મારગ બનાવેલ છે તેથી તે કારણે થતી ઉભા પાકને જે જે પ્રકારનુ નુકશાન વાદીને સહન કરવુ પડેલ છે તે નુકશાની સબબ દંડનાત્મક રકમની નુકશાની વાદીને આ કામના પ્રતિવાદીઓ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

**(૨)** આ કામે પ્રતિવાદીઓએ વાદીના દાવા બચાવમાં તેમના જવાબ વાંધા આંક–૧૦ થી બચાવ લીધેલ છે કે વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીનો અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીજનો બાધ નડે છે. તેમજ વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે. વાદીના દાવાઅરજી પેરા–૩ ની હકિકત ખરી નથી. પ્રતિવાદી હાલમા જે મારગે ચાલે છે તે મારગે ચાલીસ વર્ષ ઉપરાતથી હલાણનો મારગ છે. અને તેના ઉપરમાવીના રોકટોક વરસોથી હલાણ કરે છે. પ્રતિવાદીઓ ખેતીના સાધનો જેવા કે ઢોર, ઢાખર, વાહન યંત્રો ટ્રેકટર વિગેરે લઈ જાય છે લાવે છે. વાદીએ જણાવ્યા મુજબ હલાણ માટેનવા હકક ઉભા કરી શકે નહી. વાદીએ સત્યથી વેગળી રજુઆતો કરી કોર્ટને ગેર માર્ગે દોરી નવો હલાણનો રસ્તો બનાવવાના ઈરાદે હાલનો દાવો દાખલ કરેલ છે. જે રદ થવાને પાત્ર છે. વાદીને પ્રતિવાદીના હલાણનો મારગ નકકી કરી આપવાનો કાયદાકીય કોઈ હકક એ અધિકાર નથી. તેથી પ્રતિવાદીને હલાણનોમારગ નહીહોવા છતા તે નવા રસ્તેથી ચાલવુ તે વાદી નકકી કરી શકે નહી. વાદી પ્રતિવાદીઓના વર્ષોના હલાણનો હકક બંધ કરી હલાણના રસ્તામા વાવેતર કરવાનો મલીન ઈરાદો ધરાવે છે. પ્રતિવાદીઓ વાદીના કબજા ભોગવટા અને માલીકીના ખેતીની જમીનમાથી ચાલતા નથી. પરતું વરસોથી ચાલ્યા આવતા પ્રતિ.ના ખેતીના મારગે જવા આવવાના હલાણના મારગમા જ જઈ આવે છે. તેમજ પ્રતિવાદીએ એપ્રીલ–મે–૨૦૧૧ ના વર્ષમા કોઈ નવો અધિકાર કે હકક ઉભોકરવા માટે વાદીના ખેતરમાથી જવાઆવવાનુ શરુકરતા બનાવબનેલહોવાની હકિકત તદન ખોટી છે. આમ ચાલીસ વર્ષ ઉપરાતથી સ.નં.૪૯/૨ વાળા ખેતરના પુર્વ બાજુ ઉતર દક્ષિણ શેઢે જઈને પ્ર તિ.ના બાપ દાદાના વખતથી ખેતીની જમીનમા થઈ જઈ આવે છે અને તેમના ઢોર ઓજારો લઈ જઈ લાવીએ છીએ. તેઓનો આ રસ્તા ઉપર ઈજમેન્ટ ઓફ રાઈટસ ની રુએ પણ હકક અધિકાર ધરાવે છે. દાવા અરજી પેરા–૭ની હકિકત અશતઃ ખરી નથી. મામ.કોર્ટમા ચાલ ેલ કેસમા વાદીએ તેમની સીમ સફ.નં.૪૯/૨ પૈકીના ખેતરમાથી પ્રતિવાદછીઓ ત્રીસ વર્ષ ઉપરાતથી ચાલતા હોવાનુ જણાવેલ છે. આમ છતા વઢવાણ મામ.શ્રીએ પ્રતિવાદીઓનો રસ્તો બંધ કરવાનોહુકમ કરેલ છે. આથી તેઓએ આ હુકમ સામે રીવીઝન કેસ નં.૪/૧૧ –૧૨ ની દાખલ કરેલ અને તે કામે મામ.શ્રીનો હુકમ રદ કરવામા આવેલ હતો. વાદીએ આ

કામના પ્રતિવાદીઓ સામે પોલીસમાકે અન્ય કોઈ સ્થળે અરજી કરેલ હોય તેવુ તેઓજાણતા પણ નથી. વાદીએ નાયબ કલે.શ્રીના હુકમ સામે ફેર તપાસની અરજી કરેલીછે જે અરજી પેન્ડીગ હોવા બાબતે પ્રતિવાદીઓ ક્રૂંઈ જાણતા નથી. વાદીએ ફેર તપાસની અરજીનો કોઈ નંબર જણાવેલ નથી. વાદીના જણાવ્યા મુજબ પેટા મારગ ઉપર થઈને આ કામના પ્રતિવાદીઓ ચાલે તો તેમા કોઈ અંતરાય જાજો ફેરફાર ન થતો હોવાની હકિકત તદન ખોટી છે.પ્રતિવાદીઓના બાપ દાદા વખતથી ચાલતો હલાણનો રસ્તો બંધકરી દેવાના મલીન ઈરાદાથી હાલનો આ દાવો સત્યથી વેગળી રજુઆતો કરીને કોર્ટને ગેર મારગે દોરી પ્રતિવાદીને હેરાન કરવાના ખર્ચના ખાડામા ઉતારવામાટે હાલનો આદાવો કરેલ છે. વાદીએ જણાવ્યા મુજબના બે વૈકલ્પીક રસ્તા મળતા હોવાની હકિકત પણ તદન ખોટી છે. વાદીએ જણાવેલ રસ્તે અમે ચાલીએ તો અમોને તકલીફ પડે તેમ છે અને તેરીતે અમો પ્રતિવાદી ચાલીશ વર્ષ ઉપરાતથી આ મારગે ચાલતા હોવાનુ વાદી જાણતા હોવા છતા ખોટી હકિકતો ઉભીકરી સમય મર્યાદામા દાવો લાવવા માટે ખોટુ કારણ ઉભુ કરેલ છે. પ્રતિવાદી નં.૧ એ વૃધ્ધ ઉમરના છે અને તેઓ ખેતીકામ કરતા નથી. ખેતી કામ તેમનો દીકરો કરે છે. પ્રતિવાદી નં.૩ સુરત મુકામે રહે છે અને નોકરી કરે છે. આ હકિકત વાદી જાણતા હોવા છતા પ્રતિવાદીની જમીનમા જે ખેતી કામ કરે છે તેમને વાદીએ પક્ષકાર તરીકે જોડેલ નથી. આમ વાદી અરજીમા માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર ન હોય વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

*** વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવાઃ–**

| અનુ. નં. | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી મકનભાઈ મગનભાઈ પટેલનુ પુરાવાનુ સોગંદનામુ | ૫૨ |
| ૨ | વાદીના સા.જોરુભાઈ ઓઘડભાઈનુ પુરાવાનુ સોગંદનામુ | ૯૭ |
| ૩ | વાદીના સા.કેતનભાઈ માવજીભાઈ ની સોગંદ પરની જુબાની | ૧૦૦ |
| ૪ | વાદીના સા.અલ્તાફહુશેન અનવરઅલીની જુબાની | ૧૨૫ |
| ૫ | વાદી મકનભાઈ મગનભાઈ પટેલના મુખત્યાર રામજીભાઈ મકનભાઈ પટેલનુ વિશેષ પુરાવાનુ સોગંદનામુ | ૧૪૮ |
| ૬ | વાદી મકનભાઈ ભીખાભાઈપટેલનુ પુરાવાનુ સોગંદનામુ | ૧૬૮ |

*** વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઃ–**

| અનુ.નં. | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | કુલમુખત્યારનામુ | ૫૮ |
| ૨ | ગા.ન.નં.૬–નોધ નં.૧૯૭૫ અને ૨૦૭૧ | ૫૯ |
| ૩ | રજી.દસ્તાવેજ નંબર–૧૨૯૨ | ૬૦ |
| ૪ | ગામ નમુના નં.૬ નોધ નં.૩૨૮૦ | ૬૧ |
| ૫ | ગામનમુના નં.૮–અ ખાતા નં.૨૪૨ | ૬૨ |

| | | |
|---|---|---|
| ૬ | ગામનમુના નં.૭/૧૨ રે.સ.નં.૪૯/પૈકી–૨/૧ | ૬૩ |
| ૭ | ગામનમુના નં.૮–અ ખાતા નં.૨૪૩ | ૬૪ |
| ૮ | ગામ નમુના નં.૬ નોંધ નં.૨૯૮૯ | ૬૫ |
| ૯ | ગામનમુના નં.૮–અ ખાતા નં.૬૫૦ | ૬૬ |
| ૧૦ | ગામ નમુના નં.૭/૧૨રે.સ.નં.૭૦/૨/૨ | ૬૭ |
| ૧૧ | ગામનમુના નં.૮–અ ખાતા નં.૬૫૧ | ૬૮ |
| ૧૨ | ગામ નમુના નં.૭/૧૨ રે.સ.નં.૪૫ | ૬૯ |
| ૧૩ | ગામનમુના નં.૭/૧૨ રે.સ.નં.૪૯/પૈકી–૩/૧ | ૭૦ |
| ૧૪ | ગામ નમુના નં.૭/૧૨રે.સ.નં.૫૧/૨ | ૭૧ |
| ૧૫ | ગામ નમુના નં.૭ રે.સ.નં.૪૯/પૈકી–૩/૧ | ૭૨ |
| ૧૬ | ગામ નમુના નં.૭ રે.સ.નં.૫૧/૨ | ૭૩ |
| ૧૭ | ગામ નમુના નં.૭ રે.સ.નં.૪૯/૩/૩ | ૭૪ |
| ૧૮ | ગામ નમુના નં.૬ નોંધ નં.૫૮૧૫ | ૭૫ |
| ૧૯ | ગામ નમુના નં.૬ નોંધ નં.૫૮૯૦ | ૭૬ |
| ૨૦ | ગામનમુના નં.૭/૧૨ રે.સ.નં.૫૦/૧ | ૭૭ |
| ૨૧ | ગામનમુના નં.૭/૧૨ રે.સ.નં.૫૦/૨ | ૭૮ |
| ૨૨ | ગામનમુના નં.૭/૧૨ રે.સ.નં.૫૦/૧ | ૭૯ |
| ૨૩ | ગામનમુના નં.૭/૧૨ રે.સ.નં.૪૯/૨/૨/૧ | ૮૦ |
| ૨૪ | ગામ બલદાણાનીસીમ જમીનનો નકશો | ૮૧ |
| ૨૫ | ત.ક.મ.શ્રીએ બનાવેલ સીમ જમીનનો નકશો | ૮૨ |
| ૨૬ | ગામ નમુના નં.૧૨ રે.સ.નં.૪૯/પૈકી–૨./૧ | ૮૩ |
| ૨૭ | ગામ નમુના નં.૧૨ રે.સ.નં.૪૯/પૈકી–૨./૧ | ૮૪ |
| ૨૮ | ગામ નમુના નં.૧૨ રે.સ.નં.૪૯/પૈકી–૨./૧ | ૮૫ |
| ૨૯ | મામ.કોર્ટમા કલમ–૫ મુજબ કરેલ અરજી | ૮૬ |
| ૩૦ | રીવીઝન કે નંફ.૪/૧૧–૧૨ મા પ્રતિ.નં.૨ નાએઆપેલ જવાબ | ૮૭ |
| ૩૧ | આર.આર.ટી.રી.કેસ નં.૬૯/૧૨–૧૩ નીકલે.કચેરીનીનોટીસ | ૮૮ |
| ૩૨ | બલદાણાના જુના રે.સ.નં.૭૦/૨/૧ નુ ટીપ્પણ | ૧૦૪ |
| ૩૩ | બલદાણાના જુના રે.સ.નં.૭૦/૨/૨ નુ ટીપ્પણ | ૧૦૫ |
| ૩૪ | બલદાણાના જુના રે.સ.નં ૪૫ નુ ટીપ્પણ | ૧૦૬ |
| ૩૫ | બલદાણાના જુના રે.સ.નં.૪૯/૨/૨ નુ ટીપ્પણ | ૧૦૭ |
| ૩૬ | બલદાણાના જુના રે.સ.નં. ૪૯/૨/૨/૨ નુ ટીપ્પણ | ૧૦૮ |
| ૩૭ | બલદાણાના જુના રે.સ.નં.૪૯/૨/૨/૧ નુ ટીપ્પણ | ૧૦૯ |
| ૩૮ | બલદાણાના જુના રે.સ.નં.૪૯/પૈકી–૨/૧ નુ ટીપ્પણ | ૧૧૦ |
| ૩૯ | બલદાણાના જુના રે.સ.નં. ૪૯/પૈકી–૩/૨નુ ટીપ્પણ | ૧૧૧ |
| ૪૦ | બલદાણાના જુના રે.સ.નં. ૪૯ પૈકી–૩/૧ નુ ટીપ્પણ | ૧૧૨ |

| | | |
|---|---|---|
| ૪૧ | બલદાણાના જુના રે.સ.નં.૪૯/૧ નુ ટીપ્પણ | ૧૧૩ |
| ૪૨ | બલદાણાના જુના રે.સ.નં.૪૯/૩/૩નુ ટીપ્પણ | ૧૧૪ |
| ૪૩ | બલદાણાના જુના રે.સ.નં.૫૦/૧ નુ ટીપ્પણ | ૧૧૫ |
| ૪૪ | બલદાણાના નવા રે.સ.નં. ૧૭૪૭ નુ ટીપ્પણ | ૧૧૬ |
| ૪૫ | બલદાણાના નવા રે.સ.નં.૧૭૪૮ નુ ટીપ્પણ | ૧૧૭ |
| ૪૬ | બલદાણાના નવા રે.સ.નં.૧૭૪૯ નુ ટીપ્પણ | ૧૧૮ |
| ૪૭ | બલદાણાના નવા રે.સ ના ટીપ્પણ મુજબનો સાઈડ પ્લાન | ૧૧૯ |
| ૪૮ | વાદી મકનભાઈ મગનભાઈનુ વઢવાણ મામ.સમક્ષનુ નિવેદન | ૧૩૦ |
| ૪૯ | મામ.કોર્ટ કે.નં.૫૭/૧૧ અંગે સ્ટેટમેન્ટની નકલ ની અરજી | ૧૫૦ |
| ૫૦ | મામ. કચેરી તરફથી અરજદારને આપેલ જવાબ | ૧૫૧ |
| ૫૧ | અરજદારના મુખત્યારે મા.અધિ.અન્વયેમામ.કચેરીમા કરેલ અરજી | ૧૫૨ |
| ૫૨ | તે અરજી મામ.કચેરીને મળી ગયાની પહોચ | ૧૫૩ |
| ૫૩ | મામ.કચેરી તરફથી અરજીનો મળેલ જવાબ | ૧૫૪ |
| ૫૪ | અરજદારે કરેલ અસલ મા.અધિ.અન્વયે અરજી | ૧૫૫ |
| ૫૫ | મ.અધિ.ને અપીલમળી ગયા અંગેની એકનોલોજમેન્ટ | ૧૫૬ |
| ૫૬ | આર.ટી.આઈ.અપીલ નં.૧/૧૬ ની નોટીસ | ૧૫૭ |
| ૫૭ | આર.ટી.આઈ.અપીલ નં.૧/૧૬ નો ઠરાવ | ૧૫૮ |
| ૫૮ | ગુજ.રાજય માહીતી આયોગને કરેલ બીજી અપીલ | ૧૫૯ |
| ૫૯ | ગુજ.રાજય માહીતી આયોગમા કરેલ અપીલ નં.અ–૩૪૭૯ –૨૦૧૬ ની નોટીસ | ૧૬૦ |
| ૬૦ | વઢવાણ મામ.કચેરી તરફથી મળેલ કેસ નં.૫૭/૧૧ ના સાધનીક કાગળો પુરા પાડવા અંગે જાણ કરતો પત્ર | ૧૬૧ |
| ૬૧ | ગુજરાત માહીતી આયોગ મારફત આપેલ પત્ર | ૧૬૨ |
| ૬૨ | મામ. કોર્ટ તરફથી કેસ નં.૫૭/૧૧ અગે મુદતની જાણ કરતી નોટીસ | ૧૬૩ |
| ૬૩ | મકનભાઈ ભીખાભાઈ પટેલનુ નિવેદન | ૧૬૪ |
| ૬૪ | ભરતભાઈ નાનજીભાઈ પટેલનુ નિવેદનષ | ૧૬૫ |
| ૬૫ | ત્રિકમભાઈ ધરમસીભાઈ પટેલનુ નીવેદન | ૧૬૬ |
| ૬૬ | વાદગ્રસ્ત સ્થાનીક જગ્યાનુ પંચનામુ | ૪૪ |

## * **પ્રતિવાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવા**

| અનુ.નં. | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિ.તરફે દેવરાજભાઈ ત્રિકમભાઈનુ પુરાવાનું સોગંદનામુ | ૧૩૬ |

**પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા**

| અનુ.નં. | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | મામ.કોર્ટ કેસ નં.૫૭/૧૧ ની નકલ | ૯૨ |
| ૨ | મામ.કોર્ટ રીવી કેસ નં.૪/૧૧–૧૨ ની નકલ | ૯૩ |
| ૩ | મામ.કોર્ટ રીવીઝનકેસ નં.૪/૧૧–૧૨ ના મનાઈહુંકમના ઓર્ડરની નકલ | ૧૪૫ |

આ કામમાં પ્રતિવાદી તરફે વિશેષ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

**(૪)** આ કામે વાદી તરફે આંક–૧૬૭ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે તેમજ આંક–૧૬૯ થી પ્રતિવાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રજુ થયેલ છે.બન્ને પક્ષોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** સદર દાવા અરજીના ન્યાયિક નિર્ણય માટે આંક–૪૬ થી નીચે મુજબના મુદ્દા તારવવામાં આવેલ છે.

–: : ISSUES : :–

| | |
|---|---|
| ૧ | શું વાદી સાબીત કરે છે કે, મોજે બલદાણા ગામના સીમની રે.સર્વે નંબર–૪૯/પૈકી–૨/૧ વાળી એકર–૨–૨૦ ગુઠા જમીન વાદીની સ્વતંત્ર માલીકી અને આગલા કબજા ભોગવટાવાળી મિલકત છે કે જેમાથી પ્રતિવાદીને જવા આવવાનો કોઈ માર્ગનથી. ? |
| ૨–એ | શું વાદી સાબીત કરે છે કે, આ કામના પ્રતિવાદી વાદીની સદર મિલકતમાથી થઈને ઉતરાદા–દખણાદા બાજુ ચાલીને તેઓના ખેતરમા જવા હકકદાર નથી. |
| ૨–બી | શું પ્રતિવાદી સાબીત કરે છે કે, વાદીના રે.સ.નં.૪૯/પૈકી–૨/૧ વાળા ખેતરમા પેટા મારગ આવેલ છે અને તેમાથી પસાર થઈ તેઓને પોતાના ખેતરમા જવા આવવાનો હકક અધિકાર છે.? |
| ૩ | શું પ્રતિવાદી સાબીત કરે છે કે, તેઓ રે.સ.નં.૪૯/૨ વાળા ખેતરના પુર્વ ભાગે ઓતરાદા દખણાદા શેઢે થઈને તેઓના બાપ દાદાના વખતથી ચાલતા હોય વર્ષોથી તેઓના હલાણનો રસ્તો હોય ૪૦–વર્ષ ઉપરાતથી તેઓ રસ્તાનો વિના રોકટોક ઉપભોગ ભોગવટો કરતા હોય ઈઝમેન્ટ ઓફ રાઈટની રુએ તેઓ સદર રસ્તાનો ઉપયોગ કરવા હકક અધિકાર ધરાવે છે.? |
| ૪ | શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીને હાલના વાદગ્રસ્ત રસ્તા સિવાય અન્ય પણ વૈકલ્પીક રસ્તા મળેલ છે ? |
| ૫ | શુ વાદી સાબીત કરે છે કે તેઓને દાવા અરજી માટે પુરતા ન્યાયિક અને વ્યાજબી કારણો ઉપસ્થિત થયેલ છે.? |

| | |
|---|---|
| ૬ | શું વાદી તેમની દાવા અરજીમા માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે.? |
| ૭ | શું હુકમ અને હુકમનામું ? |

(૬) સમગ્ર કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લઈ પ્રસ્તુત કામના ન્યાયિક નિર્ણય માટે ઉપસ્થિત થયેલ ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણય નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે

| | |
|---|---|
| ૧ | નકારમાં. |
| ૨–એ | નકારમાં. |
| ૨–બી | નકારમાં. |
| ૩ | નકારમાં. |
| ૪ | નકારમા |
| ૫ | નકારમાં |
| ૬ | નકારમા |
| ૭ | આંખરી હુકમ મુજબ. |

**–:: <u>કારણો</u> ::–**

(૭) મુદ્દા નં.૧,થી ૫ :–

ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે. વાદી તથા પ્રતિવાદીઓ તરફે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૧૦૧ વંચાણે તથા ધ્યાને લેવી જરુરી જણાઈ આવે છે જેમાં પુરાવાની સાબિતીના બોજા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૧૦૧ સાબિતીનો બોજો.જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હક અથવા જવાબદારી વિષે કોઈ ન્યાયાલય ફેંસલો આપેતો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત પર છે એમ કહેવાય. આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં એ હકિકત સ્પષ્ટ થાય છે કે જે પક્ષકાર જે હકીકતના અસ્તિત્વનું પ્રતિપાદન કરતી હોય તે પક્ષકારે તે હકીકતનુ અસ્તિત્વ સાબીત કરવાનું રહે છે. આમ વાદી જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તે હકીકતનું અસ્તિત્વ સાબીત કરવાની જવાબદારી વાદીની છે. તેમજ પ્રતિવાદીઓ જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તે હકીકતનું અસ્તિત્વ સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીઓની

છે.

(૮) આ કામે વાદી મકનભાઈ મગનભાઈ પટેલ ના કુલ મુખત્યાર દરજજે રામજીભાઈ મકનભાઈ પટેલનુ પુરાવાનુ સોગંદનામુ આંક–૫૨ થી રજુ કરવામા આવેલ છે. જેમા તેઓએ તેમના સોગંદનામામા આ કામના વાદીની આંક–૧ ની દાવા અરજીમા જણાવેલ હકિકતો તેમના સોગંદનામામા જણાવેલ છે. સદરહુ વાદીની સરતપાસને આ કામના પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ જણાવેલ છે કે તેઓએ રે.સ.નં. ૪૯/પૈકી–૨/૧ વાળી જમીન વેચાતી લીધેલ નથી પરંતુ તેના પીતાજીના પીતાજીએ સદરહુ જમીન વેચાતી લીધેલ છે. તેના દાદાએ આ જમીન સને ૧૯૭૪–૭૫ ની સાલમા વેચાતી રાખેલી તેના દાદાજીએ જે જમીન રાખેલી તે જમીન તેના પીતાજી વાવતા હતા રે.સ.નં.૪૯ મોટો હોય તેના ભાગલા પડેલ છે. તેના પીતાજીએ આ રે.સ.નં.૪૯ ની એકર–૫–૦૫ ગુઠા જમીન વેચાતી રાખેલ હતી જેમાથી પુર્વ તરફના ભાગની એકર–૫–૫–ગુઠા જમીન તેમના વડવાઓએ વેચાણ રાખેલી બાકીની જમીન વધેલી અને તેમા રામજી જશા અને પોપટ જશા ખેતી કરતા હતા. આ જમીન તેમના પીતાજીએ કયારેય પડતર રાખેલ નથી. રે.સ.નં.૪૯ વાળી જમીન તેના પીતાજીને તેમના પીતાજીએ હૈયાતીમા વહેચણીમા આપેલી તેઓ જયારે આ ખેતર ઉપર ગયા ત્યારે આજુબાજની જમીનમા વાવેતર હતુ તે જમીનમા જવા આવવા માટે સ.નં.૪૯ મા જે ભાગ પડેલા તેમાથી જતા આવતા હતા. આ કામના વાદી જયારે ખેતી કરતા હતા ત્યારે આ કામના પ્રતિવાદી તેમનીજમીનમા ચુડાના મારગે થઈને નદીના કાઠે પુર્વ–પશ્રિમ રસ્તો છે જયા આ સર્વે નંબર આખા રસ્તાનો અડે છે ત્યાથી તેઓ અવર જવર કરતા હતા આ કામના પ્રતિવાદીઓ આજદીન સુધીમા રે.સ.નં.૪૯ વાળા ખેતરમાથી ચાલેલ નથી. તેઓ સને ૨૦૧૧ ના અરસામા ઉભા પાકમાથી ચાલેલા ત્યારે તેઓને કહેલ કે આ તમારો ચાલવાનો રસ્તો નથી પછી આ બાબતે તેઓએ મામ.મા અરજી કરેલી તે અરજી તેઓએ હાલના દાવાના કામે રજુ રાખેલ નથી પછી મામ.સાહેબે તેઓને દાવો કરવાનુ જણાવતા તેઓએ મામ.કોર્ટમા દાવો કરેલો દાવો દાખલ કર્યો ત્યારે તે સબંધે મામ.સાહેબે તેના પિતાજીને પુછપરછ કરી તેઓનુ નીવેદન લીધેલુ તે વખતે તેઓ હાજર હતા. તે વખતે મામ.સાહેબે તેઓની કોઈ પુછપરછ કરેલ નહી અને તેમણે શુ નિવેદન આપેલુ તે તેને ખબર છે તે કામમા રસ્તો બંધ કરવાનો તે લોકોને કોઈ હકક નથી તેવો હુકમ થયેલો તેમજ તેઓ આ હુકમથી નારાજ થઈને પ્રતિવાદીઓ નાયબ કલે.મા ગયેલા જયા મામ.સાહેબનો હુકમ રદ થયેલો અને નાયબ કલે.ના હુકમ સામે તેઓએ કલેકટરશ્રીમા અરજી કરેલી જે કામમા તેઓને કયારેય તેઓએ બોલાવેલા નથી કે તેમા કોઈ હુકમ પણ થયેલ નથી. તેના બાપુજીને આ જમીન ૪૦ વર્ષ પહેલા વારસાઈ હકકે મળેલી અને તેઓ તેમા ૨૫ વરસથી ખેડે છે. તેના પીતાજીએ મામ.મા જે નીવેદન લખાવેલ છે તે ખોટુ લખાવેલ છે તેવો કોઈ વાંધો જે તે સમયે લીધેલ નથી. તેઓ ૩૦ વર્ષથી ખેડે છે તેવુ લખાવેલ છે જે બરાબર લખાવેલ છે.તેના પીતાજીએ મામ.કોર્ટમા કરેલ કેસનો ચુકાદો તેમના લાભમા આવેલો તેના પીતાજીએ જે નીવેદનની હકિકતો લખાવેલી તે તેમના લખાવ્યા મુજબ બરાબર લખાયેલ નથી તે હકીકતની જાણ તેમને કલે.શ્રીનો હુકમ આવતા થયેલી તેમના પીતાજીનુ નીવેદન ખોટુ લેવાયેલ છે તે બાબતે તેઓએ કોઈ અરજી આજદીન સુધીમા મામ.સાહેબને કે અન્ય કોઈ જગ્યાએ કરેલ નથી પરંતુ સચીવમા અપીલ કરેલ છે. મામ.સાહેબનો હુકમ તેઓના લાભમા આવેલ હોય તે અંગે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી. સામાવાળાએ મામલતદાર સાહેબના હુકમ સામે નાયબ કલે.મા અપીલ કરેલ હતી નાયબ કલે.શ્રીમા થયેલ રીવીજન કેસ ં.૪/૧૧–૧૨ ના કામમા નાયબ કલે.શ્રીએ મામ.સાહેબનો હુકમ રદ કરેલોજે હુકમ ની નકલ આ કામે આંક–૯૩ થી રજુ કરેલ છે. આ હુકમ રદ

થયાની જાણ તેઓને સને ૨૦૧૧ ની સાલમા થયેલી અને તેની સામે તેઓએ સને ૨૦૧૨ ની સાલમા કલે.શ્રીમા અપીલ કરેલી મામ.શ્રીના હુકમ સામે સામાવાળાએ નાયબ કલે.શ્રી મા જે રીવીજન કરેલી તે રીવીજનના કામમા સામાવાળાઓએ એવુ જાહેરકરેલ હતુ કે તેમના પીતાજીએ મામ.રુબરુ આપેલ નીવેદન મા જણાવેલ છે કે છેલ્લા ચાલીશ વર્ષથી સામાવાળા ચાલે છે નાયબ કલે.શ્રી સમક્ષ સામાવાળાઓએ કરેલ રીવીજનના કામમા કોઈ લેખીતમા જ જવાબ આપેલ ન હતો અને તેઓ હાલમા જે જમીનમા ખેતી કરે છે તે જમીનમા તેના પીતાજી ખેતી કરતા હતા મામ.શ્રીનો હુકમ તેઓને મળયા બાદ તે વાચેલો જેહાલના કામે રજુ કરેલ છે. તેઓએ મામ.કોર્ટમા તા.૩૦–૬–૧૧ ના રોજ પ્રતિવાદીઓને ચાલતા અટકાવવા માટે જે અરજી કરેલી તે પહેલા અન્ય કોઈ અરજી કરેલ નહી. કારણ કે પ્રતિવાદીઓ પહેલા ચાલતા ન હતાએટલે કોઈ અરજી કરેલ ન હતી. કોર્ટ કમીશનર ઘ્વારા જયારે પંચનામુ કરવામા આવેલુ ત્યારે રસ્તા ઉપર કોઈ વાવેતર કરેલ ન હતુ તેઓએ કયારેય પ્રતિવાદીઓના હલાણવાળા ભાગમા વાવેતર કરેલ નથી. તેમજ આ કામે દાવો દાખલ કર્યા બાદ આ કામના પ્રતિવાદીઓ એ તેઓને કોઈ ધમકી આપેલ નથી. પછી તેઓ જણાવે છે કે પ્રતિવાદીઓ ધમકી મારીને જ ચાલે છે તે બાબતે તેઓએ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી.મહાદેવભાઈની જમીનવઢવાણના મારગે પણ આવેલ છે.બીજી એક જમીન વીવાદીત રસ્તા ઉપર ગામ તરફ આવે. તેઓની ખેતીની જમીન પ્રતિવાદીઓની ખેતીની જમીનમા જવુ હોય તો જયદેવભાઈ પ્રભુભાઈની જમીન વચ્ચે આવે.પ્રતિવાદીઓને તો તે રસ્તેથી જવાનુ જ નથી. જયદેવભાઈને જે જમીન મળેલ છે તે તેમને વારસામા મળેલ છે. વાદગ્રસ્ત રસ્તા ઉપરથી આ કામના પ્રતિવાદીઓ છેલ્લા ચાલીસ વર્ષ ઉપરાંતના સમયથી અવર જવર કરે છે.

(૯) વધુમા આ કામમા વાદી તરફે સાહેદ જોરુભાઈ ઓઘડભાઈ મકવાણાનુ આંક–૯૭ થી પુરાવાનુ સોગંદનામુ રજુ રાખવામા આવેલ છે. તેઓએ તેમના સોગંદનામામા તેઓએ જણાવેલ છે કે તેઓનો રસ્તો વડોદ થી લીયાદ જવા માટે જે કાચો ગાડા મારગ છે તે ધોરી માર્ગ છે તેના ઉપરથી તેઓ આવે જાય છે અને સદરહુ રસ્તા બલદાણા ગામના ખેતરો આવેલા છે. તેઓના સગા ને તેઓ મળવા માટે વડોદ થી નીકળેલા ત્યારે બપોરના વાદીના ખેતર પાસે પહોચેલા ત્યારે તેઓએ તેમના ખેતરના વચ્ચેના ભાગેથી દેવરાજભાઈ ત્રિ કમાભાઈ પટેલ તેમજ દલસુખભાઈ નાઓ પોતાનુ ટ્રેકટર લઈને પસાર થતા જોયેલા આ અંગે રામજીભાઈ તેમજ મકનભાઈ તેઓને જણાવી રહયા છે કે તમો શા માટે કોર્ટનો મનાઈહુકમ છે છતા પસાર થાવ છો તેમ છતા તેઓએ જણાવેલ કે કોર્ટ તો હુકમ કરે અંહીયા કોર્ટ આવવાની નથી અમો તો ત્યાથી જ ચાલવાના તમારે જયા જવુ હોય તો ત્યા જાવ અને તમારાથી થાય તેમ કરી લો અને અમોને હાલમા જો કોઈ ડખલગીરી કરશે તો તેના હાડકા ખોખરા કરી નાખીશુ અને લાગ આવશે તો જાનથી પતાવી પણ દઈશુ તેવુ સાંભળેલ. પછી મકનભાઈએ જણાવેલ કે આ લોકો છેલ્લા બે તંણ વર્ષથી ત્યાથી ચાલી રહયા છે. મકમનભાઈનુ ખેતર ધોરી માર્ગ પર આવેલુ છે અને તેઓના ખેતરમાજવા માટે અન્ય કોઈ પેટા મારગ નથી. સદરહુ ખેતરોને બે ધોરી માર્ગ મળે છે પરંતુ આ લોકો મકનભાઈના ખેતરમાથી ચાલતા હોવાથી તેમને વાવેતરમા છોડવાને નુકશાન થાય છે.અને આ લોકો માથાભારે હોવાથી ત્યાથી ચાલી રહયા છે. દલસુખભાઈ ત્રિકમભાઈ તથા દેવરાજભાઈના પણ મકનભાઈ મગનભાઈ પટેલના ખેતરમાથી ચાલીને તેઓના પાકને નુકશાન કરી રહેલ છે. આ અગે મકનભાઈ મગનભાઈએ તેઓની સામે કેસ કરેલ છે.

સદરહુ વાદીના સાહેદ ની આ કામના પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ

તપાસમા તેઓએ જણાવેલ છે કે તેઓ વડોદ થી લીયાદ જવા માટે બોડીયા થઈને લીયાદ જાવ છુ તે રસ્તે છેલ્લા દસ–અગીયાર વર્ષથી ચાલુ છુ. એ વાત ખરી છે કે આ રસ્તા પર આ કામના વાદી અને પ્રતિવાદીઓની ખેતીની જમીનો આવેલી છે. એ વાત ખરી છે કે હુ રસ્તે જતા આવતા આ કામના પક્ષકારોને એટલે કે વાદી અને પ્રતિવાદીઓને તેઓના ખેતરમાં જતા આવતા જોયેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓને ખેતરોમાં કામ કરતા મેં જોયેલ છે.હુ મકનભાઈ મગનભાઈ, રામજીભાઈ મકનભાઈ, ત્રિકમભાઈ ધરમશીભાઈ, ભરતભાઈ કાનજીભાઈ, કિશોરભાઈ કાનજીભાઈ અને મકનભાઈ ભીખાભાઈને જોયેથી ઓળખુ છુ બાકી વ્યકતીગત રીતે મારે તેઓની સાથે બહુ પરીચય નથી.ત્રિકમભાઈ ધરમશીભાઈને મે છેલ્લે આજ થી ચાર–પાંચ વર્ષ પહેલા જોયેલ છે. સાહેદ જણાવે છે કે તેઓનુ અવશાન થયેલ છે. મને ખ્યાલ નથી કે આ ત્રિકમભાઈ ધરમશીભાઈને કેટલા દીકરા–દીકરીઓ છે. હુ રામજીભાઈ મકનભાઈ રીતે ઓળખતો નથી. હુ હાલના કામમાં જુબાની આપવા જે આવેલ છુ તે રામજીભાઈ અને ત્રિકમભાઈ વગેરે વચ્ચેની તકરાર આશરે સને ૨૦૧૪ થી ચાલે છે તેમા હુ જુબાની આપવા આવેલ છુ. હુ જાણતો નથી કે હાલના કેસ સિવાય આ રામજીભાઈ અને ત્રિકમભાઈ વગેરે વચ્ચે અગાઉ કયારેય કોઈ બાબતે તકરારી કેસ થયેલ હતા કે કેમ. હુ જાણતો નથી કે રામજીભાઈ અને ત્રિકમભાઈ વગેરે વચ્ચે ચાલતા હાલના કામમાં નામ.કોર્ટે કઈ તારીખે કોને મનાઈ હુકમ આપેલો અને કઈ તારીખે મનાઈ હુકમ આપેલ નથી. મને એ વાતની ખબર નથી કે તા.૨૧/૦૮/૧૪ ના રોજ હુ મારા સગા વહાલાને મળવા લીયાદ જવા વડોદથી નીકળેલ ત્યારે કઈ કોર્ટનો મનાઈહુકમ હતો કે કેમ.એ વાત ખરી છે કે મે મારા સોગંદનામામાં લીયાદ જવા માટે વડોદથી હુ કેટલા વાગે નીકળેલો તે વગેરે બાબતની સચોટ હકીકતો દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારા સોગંદનામામાં કોર્ટનો મનાઈહુકમ હોવા છતા પસાર થવા બાબતે ધાક ધમકી આપવાનો જે બનાવ દર્શાવેલ છે તે સંબંધે કોઈ પોલીસ ફરીયાદ થયેલ હોય કે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ હોય તેવુ કંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે હુ પણ સામે ચાલીને પોલીસ સ્ટેશને કોઈ ફરીયાદ કરવા ગયેલ નથી. એ વાતની મને ખબર નથી કે મકનભાઈ મગનભાઈને કયા સર્વે નંબરવાળી કેટલી જમીન આવેલ છે. સાહેદ જણાવે છે કે બલદાણાની સીમમા આવેલ છે તેટલુ હુ જાણુ છુ.એ વાત ખરી છે કે મે મારા સરતપાસના સોગંદનામામાં કયા સર્વે નંબર વાળી જમીનમાંથી કોણ પસાર થતુ હતુ તે બાબતની સચોટ વિગતો દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે હુ ખેતીની જમીન ધરાવુ છુ અને ખેતી કામ કરુ છુ. ટ્રેકટર જો એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવુ હોય તો તેને ચલાવવા માટે ત્રણ ચાસ(૫૪ ઈંચનો એક ચાસ થાય) ની જગ્યા જોઈએ.એ વાત ખરી નથી કે મારે રામજીભાઈ મગનભાઈ સાથે સારા સંબંધો હોય તેમના હાલના દાવાને ખોટી રીતે સમર્થન આપવા હુ ખોટી જુબાની આપુ છુ. સાહેદ જણાવેછે કે મારે તો તેમની સાથે કોઈ સંબંધ જ નથી.

**(૧૦)** સદર કામમા વાદીના સાહેદ કેતનભાઈ માવજીભાઈ મીઠાપરાની આક–૧૦૦ ની સોગંદ ઉપર જુબાની લેવામા આવેલી છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે હુ છેલ્લા એક મહીનાથી બલદાણા ગ્રામ પંચાયતમા ઈનચાર્જ રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવુ છુ. બલદાણાની રેવન્યુ સર્વે નં.૪૯/પૈકી–૨ વાળી જમીન ગામની દક્ષિણ બાજુ છે. ભોગાવો નદી આ સર્વે નંબર ૪૯/પૈકી–૨ ની દક્ષિણ તરફ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ સર્વે નં.૪૯/પૈકી–૨ વાળી જમીન અને ભોગાવો નદીની વચ્ચે એક બીજો સર્વે નંબર વાળી જમીન આવે છે. ભોગાવો નદી પશ્ચિમ તરફથી આવે છે અને પુર્વ તરફ જાય છે. એ વાત ખરી છે કે નકશા મુજબ " ડબલ લાઈન " તે હદે પકડેલા મારગનુ ચિહન

છે.એ છે કે નકશા મુજબ જે " ડબલ ત્રુટક લાઈન " છે તે પેટા મારગ દર્શાવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમને તો આ નકશા ડીઆઈએલઆર કચેરી ધ્વારા આપવામાં આવતા હોય છે. જેથી અમે જે તે સર્વે નંબર વાળી જમીન ઉપર સ્થળ સ્થિતિ નકકી કરી શકીએ બાકી રસ્તા બાબતે હુ કોઈ ચોકકસ કહી શકુ નહી સાહેદ નકશો જોઈને જણાવે છે કે હાલની સ્થીતીએ ઘણાબધા પેટા સર્વે નંબર થયેલ હોય સ્થળ સ્થીતીની ચકાસણી થયા વગર પેટા મારગનુ કંઈકહી શકાય નહી. નકશા મુજબ સર્વે નં.૯૧/૧ ની ઉત્તર તરફની દીશાથી સર્વે નં.૧૧ ની પશ્ચિમ તરફની દીશા સુધી ત્યાથી સર્વે નં.૪૪/૧ અને ૪૪/૨ ની પશ્ચિમ તરફના શેઢા સુધી પેટા મારગ હોવાનુ દર્શાવવામા આવેલ છે.એ વાત ખરી છે કે નકશા મુજબ હદે પકડેલા મારગથી પેટા મારગ સર્વે નં.૯૧/૧ ની ઉત્તર તરફના શેઢા તરફથી ચાલુ થાય છે અને સર્વે નં. ૪૪/૨ ના દક્ષિણ તરફના શેઢે પુરો થાય છે. સાહેદને રેકર્ડમાથી આંક–૮૨ નો બટર પેપર ઉપર જે નકશાનુ ટ્રેસીંગ છે તે બતાવવામા આવે છે જે નકશો તારીખઃ– ૧૦/૦૧/૧૧ ના રોજ તલાટી શ્રી બલદાણા ધ્વારા તૈયાર કરી આપવામાં આવેલ છે જે અસલ નકશા મુજબ બરાબર છે. સાહેદને આંક–૫૯ વાળી હકક પત્રક ૬ ની નોંધ નંબર ૧૯૭૫ અને ૨૦૭૧ વાળી બતાવતા તે પણ તલાટી શ્રી બલદાણા તરફથી તા. ૧૩/૦૭/૧૨ ના રોજ કાઢી આપવામાં આવેલ છે તેમ જણાવે છે. સાહેદને આંક–૬૧ થી રજુ હકક પત્રકની નોંધ નં. ૩૨૮૦ બતાવતા તે પણ તલાટી શ્રી બલદાણા તરફથી તા. ૧૩/૦૭/૧૨ ના રોજ કાઢી આપવામાં આવેલ છે તેમ જણાવે છે. એ વાત ખરી છે કે આંક–૬૨ થી રજુ ૮–અ તે મકનભાઈ મગનભાઈ પટેલનુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે તારીખ ૦૫/૦૯/૧૨ ની સ્થીતી દર્શાવે છે. એ વાત ખરી છે કે આંક–૬૩ નો ૭/૧૨ તે મકનભાઈ મગનભાઈનો છે. એ વાત ખરી છે કે આંક–૬૫ થી રજુ હકકપત્રકની નોંધ નં. ૨૯૮૯ પણ તલાટી શ્રી એ કાઢી આપેલ છે. એ વાત ખરી છે કે સર્વે નં.૪૯/પૈકી ૨ ની જમીનની ઉત્તરે તે જમીનને અડીને સર્વે નં. ૪૫ અને સર્વે નં. ૭૦/૨ ની જમીન આવેલ છે. એ વાત ખરી છે કે સર્વે નં. ૪૫ વાળી જમીન બીપીનભાઈ મકનભાઈ પટેલ અને સર્વે નં. ૭૦/૨ વાળી જમીન રામજીભાઈ મકનભાઈ પટેલની છે.એવાતખરી છે કે આંક–૬૬ થી રજુ ૮–અ રામજીભાઈ મકનભાઈનો છે અને આંક–૬૮ તે બીપીનભાઈનો છે. એ વાત ખરી છે કે આંક–૭૨ તે ગામ નમુનો નં. ૭ સર્વે નંબરઃ– ૪૯/પૈકી–૩/૧ ની જમીનો છે જે પટેલ દેવરાજભાઈ ત્રિકમભાઈના નામે છે.એ વાત ખરી છે કે સર્વે નં.૪૯/પૈકી–૨ ની પુર્વે સર્વે નં. ૪૯/૩ વાળી જમીન આવેલ છે. એ વાત ખરી છે કે આંક–૭૩ ગામ નમુનો નં. ૭ સર્વે નં.૫૧/૨ જે પટેલ દલસુખભાઈ ત્રિકમભાઈના નામનો છેએ વાત ખરીછે કે સર્વે નં.૪૯/૩ વાળી જમીનની પુર્વે એક સર્વે નંબરવાળી જમીન છોડયા પછી સર્વે નં. ૫૧/૨ વાળી જમીન આવે.વચ્ચે આ જે જમીન છે તે સર્વે નં.૫૦/૧ વાળી છે. એ વાત ખરી છે કે આંક–૭૭ થી રજુ ૭/૧૨ તે આ સર્વે નં. ૫૦/૧ ની જમીનનુ છે જે જમીન ભરતભાઈ કાનજીભાઈ ધરમશીભાઈ પટેલના નામની છે.સાહેદ નકશો જોઈ જણાવે છે કે સર્વે નં.૪૯/૩ ની પુર્વે સર્વે નં. ૫૦/૧ અને ૫૦/૨ એમ બન્ને સર્વે નંબર આવેલ છે. એ વાત ખરી છે કે આંક––૭૮ મુજબ સર્વે નં.૫૦/૨ વાળી જમીન કિશોરભાઈ કાનજીભાઈ પટેલનાનામની છે.એ વાત ખરી છે કે આંક–૭૯ મુજબ સર્વે નં.૫૧/૧ વાળી જમીન મકનભાઈ ભીખાભાઈ પટેલની છે. એ વાત ખરી છે કે ૫૧/૧ વાળી જમીન ૫૦/૧ ની પુર્વ તરફ છે. એ વાત ખરી છે કે આંક–૮૦ એ સર્વે નં.૪૯/૨/૨/૧ નો છે જેનો નવો સર્વે નં. ૬૮૮ છે જે માલાભાઈ નાનુભાઈ રબારી ના નામની છે. એ વાત ખરી છે કે નકશા મુજબ સર્વે નં.૪૯/૩, ૫૦/૧, ૫૦/૨, ૫૧/૧, ૫૧/૨ વાળી સર્વે નંબરોની જમીન સર્વે નં. ૪૯/૨ ની પુર્વ તરફ આવેલ છે.સવાલઃ આ ઉપરોકત સર્વે નંબરોની દક્ષિણે હદે પકડેલો મારગ આવેલ છે? જવાબઃ–

આ સર્વે નંબરોની દક્ષિણે એક સર્વે નંબર વાળી જમીન મુકયા પછી દક્ષિણ તરફ હદે પકડેલો મારગ આવેલ છે.એ વાત ખરી છે કે આ મારગ વડોદના સીમાડાથી આવેછે અને બોડીયાના સીમાડા તરફ જાય છે. જેથી આ મારગ વડોદ અને બોડીયા વચ્ચેનો મારગ છે એ વાત ખરી નથી કે આ હદે પકડેલા મારગથી સર્વે નં.૫૧/૨ તરફ જતો પેટા મારગ આવેલ છે.સાહેદ નકશો જોઈને જણાવેછે કે નકશા મુજબ પેટા મારગ સર્વે નં. ૬૭/૧ ના ઉત્તર–પશ્ચિમ તરફના શેઢા તરફથી સર્વે નં. ૬૬ ના ઉત્તર–પુર્વ તરફના શેઢા સુધી તથા સર્વે નં. ૬૫/૩ ના ઉત્તર–પશ્ચિમ તરફના શેઢાસુધી જણાઈ આવે છે.

એ વાત ખરી છે કે બલદાણા ગામથી દક્ષિણ બાજુ નેશનલ હાઈ વે નં.૮ આવેલ છે જે પુર્વ તરફ લીંબડી બાજુ જાય છે અને પશ્ચિમ તરફ રાજકોટ બાજુ જાય છે.ગામતળ થી અગ્નિ ખુણા બાજુ–પુર્વ અને દક્ષિણ દિશાની વચ્ચે જે અગ્નિ ખુણો છે તે તરફ ગામતળથી હદે પકડેલો મારગ ભોગાવો નદી સુધી જાય છે. એ વાત ખરી છે કે આ હદે પકડેલા મારગને નેશનલ હાઈ વે પછી વડોદ–ખોડુ નો જે મારગ છે તેને મળે છે જેના ચાર રસ્તા રેવન્યુ સર્વે નં. ૬૧/૧, ૧૦૪૨, ૧૦૪૧, ૬૨/૧ ને મળે છે–આ ચાર રસ્તાની આજુબાજુ ના સર્વે નંબરો છે. એ વાત ખરી છે કે સર્વે નં.૬૧/૧ ના અગ્નિ અને દક્ષિણ ખુણેથી તથા ૬૨/૧ ના ઉત્તર બાજુનો રસ્તો પશ્ચિમ તરફ આગળ જતા સર્વે નં.૫૨/૨ સુધી જાય છે. એ વાત ખરી છે કે ગામતળની દક્ષિણે આવેલ સર્વે નં.૫ ની પશ્ચિમે અને સર્વે નં. ૯૮/૨ ની પુર્વે જે રસ્તો–હદે પકડેલો મારગ છે તે નેશનલ હાઈ વે થઈ ભોગાવો નદી સુધી જાય છે. એ વાત ખરી છે કે સર્વે નં.૬૮ ના નૈરુત્ય ખુણાથી પેટા મારગ પુર્વ તરફ આગળ સર્વે નં. ૬૫/૩ ના ઉત્તર–પશ્ચિમના ખુણા સુધી જાય છે. સાહેદ જણાવેછેકે સર્વે નં.૬૮ ના નૈરુત્ય ખુણાથી એટલે કે સર્વેનં. ૬૭/૧ ના વાયવ્ય(ઉત્તર–પશ્ચિમ) ખુણાથી પેટા મારગ શરુ થાય છે. એ વાત ખરી છે કે આ જે પેટા મારગ છે તે સર્વે નં. ૪૯/૧, ૪૯/૨, ૪૯/૩, ૫૦/૨, ૫૧/૨ ના દક્ષિણ તરફ છે. રેકર્ડ પર આંક–૮૨ થી જે બટર પેપર ઉપર નકશાના અમુક ભાગનુ ટ્રેસીગ છે તે કયા સંજોગોમા કરવામા આવે છે તે સંબંધે સાહેદ જણાવે છે કે નકશો ખુબ જ મોટો હોય છે અને ઝેરોક્ષની સુવીધા ન હોય ત્યારે અસલ નકશા ઉપરથી બટર પેપર મુકીને સંબંધીત સર્વે નંબર વગેરેનુ ટ્રેસીગ આ રીતે બટર પેપર ઉપર કરી નકલ કાઢી આપવમાં આવતી હોય છે. કોઈકે સ્થળ સ્થીતી નકકી કરવા માટે નકશાની માંગણી કરી હોય ત્યારે પણ આ રીતે બટર પેપર ઉપર ટ્રેસીગ કરી આપવામાં આવતુ હોય છે. એવુ પણ બની શકે કે મામલતદાર શ્રીની સુચના અનુસાર પણ આ રીતે બટર પેપર ઉપર નકલ કાઢતા હોઈએ છીએ. એવુ પણ હોઈ શકે કે અધિકારીની સુચના અનુસાર ત્યા સ્થળ ઉપર રોજકામ પણ કરવામાં આવેલુ હોઈ શકે.સાહેદ જે અસલ મુજબ બલદાણા ગામનો નકશો લાવેલ છે તે આ કામે આંક–૮૧ થી રજુ કરેલ છે.

સદરહુ સાહેદની પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ એવી હકિકત જણાવી સવાલ કરેલ છે કે સર્વે નં.૪૯/પૈકી ૩/૧ વાળી જમીનમાં જવા માટે કોઈ મારગ આ આંક–૮૧ વાળા નકશામા બતાવવામા આવેલ છે ખરા? તેના જવાબમા તેઓએ જણાવેલ છે કે મારી પાસે જે નકશો છે તે સર્વે નં.૪૯/૩ ની વિગત દર્શાવે છે તેમા પેટા સર્વે નંબર પડેલ હોય તો કઈ દિશાએ તે પેટા સર્વે નંબર વાળી જમીન છે તે નકશામા દર્શાવેલ ન હોય સર્વે નં. ૪૯/પૈકી ૩/૧ વાળી જમીનમા જવા માટે કોઈ મારગ છે કે કેમ તે આ નકશા ઉપરથી કહી શકુ નહી. એ વાત ખરી છે કે સર્વે નં.૪૯/પૈકી ૩ અને તેની પુર્વે સર્વે નં. ૫૦/૨ તથા ૫૧/૨ ની દક્ષિણે સર્વે નં. ૬૬ ની ઉત્તરે પેટા મારગ હોવાનુ નકશામા દર્શાવવામા આવેલ છે. પરંતુ આ પેટા મારગ ખરેખર કયા કયા સર્વે નંબરની

જમીનોને લાગુ છે તે હુ આ નકશો જોઈને કહી શકુ નહી તેના માટે ડીઆઈએલઆર શ્રીની કચેરી માથી ટીપ્પણની નકલ મેળવીને નકકી કરી શકાય તેમ છે. એ વાત ખરીછે કે આ નકશામાં સ્થળ ઉપર જો કોઈ ગાડા મારગ આવેલ હોય તો તેનો ઉલ્લેખ થયેલ નથી. એ વાત ખરી છે કે સર્વે નં.૪૯ મોટો સર્વે નંબર હતો અને તેના ઘણા પેટાભાગ પડેલ છે. એ વાત ખરી છે કે તેવી જ રીતે સર્વે નં.૫૦, ૫૧ અને ૫૨ પણ મોટા નંબરો હોય તેના પેટા ભાગ પડેલ છે.એ વાત ખરી છે કે આ સર્વે નંબર ૪૯, ૫૦, ૫૧ અને ૫૨ ની જમીનોમાં અંદરોઅંદર અવરજવર કરવા માટે કોઈ ગાડા મારગ હોય તો હુ આ નકશો જોઈએ જણાવી શકુ નહી. એ વાત ખરી છે કે સર્વે નં. ૪૯, ૫૦, ૫૧ અને ૫૨ ની જમીનોમા જવા આવવા માટે–પેટા સર્વે નંબરો વાળી તેના જે ભાગલા થયેલ છે તે બધી જમીનોમા જવા આવવા માટે કયા સર્વે નંબર વાળી જમીનને કુલ કેટલા મારગ લાગુ પડે છે તે હુ આ નકશોજોઈને જણાવી શકુ નહી. સાહેદ જણાવે છે કે આ બધા પેટા મારગ માટે પક્ષકારોએ જે તે અંદરોઅંદર વહેચણી કરેલી હોય તો તે સંબંધે કરેલ સોગંદનામા અને હકકપત્રકે આવેલ નોંધ વગેરેથી જાણી શકાય.આંક–૮૨ વાળો બટર પેપર ઉપરનો સ્કેચ કોઈ અધિકારીએ માંગણી કરેલ હોય તો રોજકામ સાથે જ આપવામાં આવે તે સંબંધે સાહેદ જણાવે છે કે તેવુ કઈ નકકી નથી અધિકારીએ માત્ર ટ્રેસીંગ જ માંગેલ હોય તો તેમ નહી તો પંચ રોજકામ સાથે પણ ટ્રેસીંગ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે નેશનલ હાઈ વેથી બલદાણા ગામની સીમ જમીનોમા જવા માટે એક થી વધારે મારગ આવેલ છે.

**(૧૧)** વધુમા આ કામમા વાદીના સાહેદ અલ્તાફભાઈ અનવરઅલી સૈયદને આંક–૧૨૫ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે હુ સુ.નગર ખાતે ડીજાસ્ટર મામલતદાર તરીકે તા. ૭/૭/૧૧ના રોજ હાજર થયેલ અને મામલતદાર વઢવાણનો ચાર્જ તેજ દિવસે સોપેલો મને આંક ૮૬ ની એક અરજી બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે,સદર અરજી પટેલ મકનભાઈ મગનભાઈ એ મામલતદારશ્રીને આપેલ છે. મને હાલે યાદ છે ત્યાં સુધી સદર અરજીમાં પાછળ શેરો મારીને પરત મુકી દીધેલી.હવે મને આંક ૮૬ની દાવા અરજી ફરીથીબતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે મામલતદાર કોર્ટની સેકશન ૫ હેઠળની અરજી કરેલી હતી જેની કાર્યવાહી અમોની સમક્ષ ચાલેલી હતી સદર કાર્યવાહીમાં પક્ષકારોના નીવેદનો મારી સમક્ષ લેવાયેલા હતા સદર કામે સ્થળની તપાસણી માટે અમો જાતે ગયેલા નહી તે પંચનામુ તલાટી શ્રીએ કરેલુ છે. મને માર્ક ૧૨૯/૧નો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમા નીચે મારી સહી છે. જેમાં આંક આપવા સામે પ્રતિવાદીના વિ.વશ્રી આર.જી. ટાપરીયાએ વાંધો લીધો છે કે હાલનો દસ્તાવેજ મોડો રજુ થયેલ છે તેમજ સીકકા વ્યવસ્થીત નથી તારીખ નથી જેથી દસ્તાવેજની માંગણી કરેલી અને રજુ કરેલ હોય તેવી હકીકત રેકર્ડે નહોય જે રજુઆત ધ્યાને લીધી નામ. સુપ્રિંમકોર્ટના બીપીન શાંતીલાલ પંચાલ ના જજમેન્ટમાં આપેલા નિર્દેશો ધ્યાને લેતા હાલનો દસ્તાવેજ એ ખરી નકલ હોય દસ્તાવેજને હાલના તબકકે આંક ૧૩૦ આપવા હુકમ કરવામાં આવે છે. આનંક ૧૩૦ના દસ્તાવેજમાં જે લખાણ છે તે મારા હસ્તાક્ષરમાં નથી મે આશરે ચારેક મહીના વઢવાણમાં મામલતદાર તરીકે ફરજ બજાવેલ, હુ હાલમાં એ કહી શકુ નહી કે મે મારી વઢવાણ ખાતેની નોકરી દરમ્યાન કેટલા કેશો ચલાવેલા. મે ૫૭/૧૧નો કેસ ચલાવેલ તેના નીવેદનો મે તા. ૧૭/૧૦/૨૦૧૧ના રોજ લીધેલા.મને આંક ૧૩૦નો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે નિવેદન મારી સમક્ષ લખાયેલુ હતુ હુ જેનુ નીવેદન લીધેલુ હતુ તેના પુત્ર ને ઓળખુ નહી નીવેદન વખતે રામજીભાઈ મગનભાઈ હાજર હતા કે નહી

તે હુ કહી શકુ નહી હુ મામલદાર કોર્ટના કાયદાથી માહીતગાર છુ.જો અમોની પાસે કોઈ રસ્તાનો પ્રશ્ન આવેતો તેનો બને તેમ તાત્કાલીક ૭ મહીનાની અંદર નીર્ણય કરવાનો હોય છે. કેસ નં ૫૭/૧૧નો નીર્ણય ટાઈપ થયેલો હતો તેની ઉપર કોઈ અપીલ થયેલ કે કેમ તેની મને અંગત માહીતી નથી.

સદર વાદીના સાહેદ ની આ કામના પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી છે કે મને અહી જુબાની દેવા માટે બોલાવેલ ત્યારે કોર્ટના કયા કેશમાં જુબાનની માટે બોલાવેલ છે. તેની ખબર હતી પરંતુ મે કયો કેસ ચલાવેલ છે તેની ખબર નહતી તે હકીકત મને કોર્ટમાં આવીને જાણ થયેલી હુ આજે જે જુબાની આપવાની છે તે અંગેની સૃમજણ માટે કોઈને મળેલ નહી મને હુ જયારુ પહેલી મુોદતે આવેલો કોર્ટમાં ત્યારે કઈ બાબતમા જુબાની આપવાની તેની ખબર પડેલી એ વાત ખરી છે કે મે સદર કેસ બાબતની ફાઈલ વઢવાણ મામલતદાર કચેરી ખાતે જોયેલી નહી કારણકે ત્યાં ફાઈલ મળી આવેલ નથી. હવે સાહેદ જણાવે છે કે ફાઈલ મળી આવેલ નહી તે હકીકત ખરી નથી ઈલેકશનના કારણે સ્ટાફન હોય મળી શકેલ નથી. મને મામલતદાર તરીકેની મારી ફરજ દરમયાન આ કેસ સીવાય કોઈ કેસ ચલાવેલા હોયતો તેનો મને હાલમાં ખ્યાલ નથી. એ વાત ખરી છે કે કેસ નં. ૫૭/૧૧ મારી સમક્ષ ચાલેલો અને તેનાથી હુ સંપુર્ણ પણે માહીતગાર છુ. એ વાત ખરી છે કે આ કેસ મારી સમક્ષ ચાલી ગયા બાદ તમામ રેકર્ડ ધ્યાને લઈ મારી વિવેક બુધ્ધીના આધારે જજમેન્ટ આપેલુ. એ વાત ખરી છેકે આ કેસના જજમેન્ટ આપતી વખતે મારી વિવેક બુધ્ધીથી ઉચ્ચીત અને ન્યાયીક લાગેલ તે રીતે જજમેન્ટ આપેલુ મને એ ખ્યાલ નથીકે હાલના વાદીએ ૫૭/૧૧નો દાવો કરતા પહેલા કોઈ અરજી કરેલી કેસ નં. ૫૭/૧૧ કઈ તારીખે દાખલ થયેલો તે હાલે મને યાદ નથી. એ વાત ખરી છે કે અમોની સમક્ષ દાખલ થતા કેસની મુદત અમો નકકી કરતા હોઈએ છીએ આ કેસમાં કેટલી મુદતો પડેલી તે હુ રેકર્ડ જોયા વગર કહી શકુ નહી આ કેસ અમારી સમક્ષ દાખલ થયો ત્યારબાદ સામાવાળા અમારી સમક્ષ કયારે હાજર થયા તે હુ હાલે કહી શકુ નહી તેઓએ કોઈ વકીલ રોકેલા કે કેમ તે પણ હુ હાલે કહી શકુ નહી સામાવાળાઓના મે જવાબો લીધેલા જે તા. ૧૭/૧૦/૨૦૧૧ના રોજ લીધેલા સામાવાળાઓએ તેમના નીવેદનમાં શુ હકીકત લખાવેલ તે મને હાલે યાદ નથી. કોઈ નીવેદન કોઈ પક્ષકારનુ લખવામાં આવે તેમા કેસ નંબર અને તારીખ નહોય તો કયા કેસનુ નીવેદન છે તેની સામાન્ય રીતે ખબર ન પડે મને આંક ૧૩૦નુ નીવેદન બતાવાવમાં આવે છે તે જોઈને હુ કહુ છુ કે તે કયા કેસનુ છે અને કઈ તારીખે લીધેલુ તે હાલમાં હુ કહી શકુ નહી મે આંક ૧૩૦ વાળુ દસ્તાવેજ ધ્યાને લઈ અને મારુ જજમેન્ટ આપેલુ મે વઢવાણ મામલતદાર તરીકે ચાર્જ કયારે છોડેલો તે હુ કહી શકુ નહી એ વાત ખરી નથી કે મને કેસની કોઈ જાણકારી નહોય અરજદાર પાસેથી જાણકારી લઈ અરજદારની તરફેણમાં જુબાની આપુ છુ.

**(૧૨)** વધુમા આ કામમા પ્રતિવાદી ના સાહેદ દેવરાજભાઈ ત્રિકમભાઈ પટેલનુ આંક–૧૩૬ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરવામા આવેલ છે. તેઓએ તેમના પુરાવાના સોગંદનામામા તેઓએ વાદીની દાવા અરજીના જવાબમા જે હકિકતો જણાવેલી છે તેજ હકિકતને સર્મથન આપતો પુરાવો સરતપાસ દરમ્યાન આપે છે. સદરહુ સાહેદની વાદીનાવિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ એવી હકિકત જણાવેલ છે કે ભરતભાઈ કાનજીભાઈ તથા કીશોર ભાઈ કાનજીભાઈ તથા મકનભાઈ ભીખાભાઈના ખેતરો તેમની બાજુમાઆવેલા છે.ગોવીદ ભાઈ મગનભાઈનુ એક ખેતર તેમના ખેતરની આથમણી બાજુ આવેલ છે. તે ખેતરે એક

શેઢો આવેલ છે તેઓએ તેમના સોગંદનામામા એવુ જણાવેલ નથી કે તેઓ કયા મારગથી કયા જાય છે તેની ખબર નથી. તેઓ કયાથી ચાલે છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેઓ જે રસ્તા ઉપરથીચાલે છે તે રસ્તા ઉપર તેઓએ રીપેરીગ એટલે કે ખાડા પુરાવેલા છે.કહેવાતા રીપેરીગનોકોઈ આધાર તેઓએ હાલના કામે રજુ રાખેલ નથી. તેઓજે રસ્તા ઉપર ચાલે છે તે કયા સર્વે નંબરમા આવે છે તે ખબર નથી. તેઓ વાદીની જમીનમાથી આવેલ મારગમા ચાલે છે.વાદીના ખેતરમા મારગ છે તે દર્શાવવા માટે તેઓએ કોઈ દસ્તાવેજ હાલના કામે રજુ કરેલ નથી.વાદગ્રસ્ત જગ્યાએ કોર્ટ કમીશનર ઘ્વારા પંચનામુ કરવામા આવેલ અને તેમા તેઓએ સહી કરેલાનુ જણાવે છે તેમજ પંચનામા વખતે તેઓ હાજર હતા રસ્તા અગે મામ.કોર્ટમા કેસ કરેલો.મામ.સાહેબે તેના પીતાનુ કોઈ નિવેદન લીધેલ કે કેમ તેની તેઓને કાંઈ ખબર નથી. તેઓએ એ વાતનો ખ્યાલ આવેલ નથી કે હાલ ખેતરના નવા સર્વે નંબરો આવી ગયેલ છે. મકનભાઈ મગનભાઈના ના દીકરા રામજીભાઈ અને બીપીનભાઈ છે તેની તેઓને કાંઈ ખબર નથી તેના ખેતર કયા છે તેનીપણ ખબર નથી.બીપીનભાઈ મકનભાઈ ના ખેતરની ઉતર બાજુ મારગ છે તેની તેઓને ખબર છે.અને બીપીનભાઈના ખેતરની દક્ષિણે રસ્તો જાય છે.એ મારગ ઉગમણો નથી જતો પરંતુ એ રસ્તો નદીએ જાય છે.એક ખેતરવા મારગ ઉગમણો જાય છે તેઓને ધોરી મારગ અને પેટા મારગમા ખબરપડે છે. એક ચાસની અંદર કેટલુ અંતર હોય છે તે નકકી કરી શકાય નહી. તે એક બે દશ અગીયાર ફુટનો હોઈ શકે તેઓને કોર્ટનું પંચનામુ વાંચી સંભળાવેલુ પછી તેમા તેઓની સહી લીધાનુ જણાવે છે.

**(૧૩)** વધુમા વાદી મકનભાઈ ભીખાભાઈ પટેલનુ આક–૧૬૮ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરવામા આવેલ છે તેમા તેઓએ તેમની આંક–૧ ની દાવા અરજીની હકિકતોને સર્મથનઆપતો પુરાવો આપેલ છે સદરહુ સોગંદનામાનીસરતપાસની હકિકતોને પ્રતિ.ના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ જણાવેલ છે કે કીશોરભાઈ કાનજીભાઈનુ ખેતર તેમના ભાઈ ખેડે છે કે જે આ કામે પ્રતિવાદીઓ છે.ભરતભાઈ વરસોથી આ ખેતર ખેડે છે. તેઓ તેમના ખેતરેથી પેલા સુરાનો મારગ અને ત્યાથી આડા મારગે જાય છે. આ આડો મારગ એ ભોગાવન નદીના ઉતર કાઠે આવેલ છે. તેઓના ખેતરની દક્ષિણ બાજુએ કોઈમારગ આવેલ નથી. તેઓ તેમનાખેતરેથી હંમેશા એકજ મારગથી ચાલે છે. ભરતભાઈ કાનજીથી ભોગાવા નદીની તરફ રસ્તો આવેલ છે.તેઓ તેમના ખેતરે જે મારગ પરથી ૪૦ થી ૪૫ વરસથી ચાલીએ છીએ. તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેઓ જે મારગથી ચાલે છે તેવુદસ્તાવેજમા લખેલહોય તેવો કોઈ દસ્તાવેજ પણહાલના કામે રજુ રાખેલ નથી. તેઓએ તેમના જવાબમા કે સોગંદનામામા ચાલીએ છીએ તેની કોઈ ચર્તુદીશા દર્શાવેલ નથી. તેઓને મકન મગનનુ ખેતર કેટલા વીઘાનુ છે તેની ખબર નથી. પેટા સર્વે નંબર કયાથી ચાલુ થાય છે અને તે કયા પુરા થાય છે તેની ખબર નથી. તેઓ તેમના સોગંદનામામા જે રસ્તેથી ચાલવાનુ કહે છે તેનો કોઈદસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.આ રસ્તા બાબતે તેઓએ કોઈનેનોટીસ પણ આપેલ નથી. તેઓએ મામ.સાહેબ સમક્ષ કોઈ નિવેદન આપેલ નથી આકામે આંક–૧૬૫મા તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે. આ સહી તેઓએ કયા કરી તેની તેઓને કાંઈ ખબર નથી. તેઓની સામે મકનભાઈ મગનભાઈએ કેટલા કેસ કરેલા તેની ખબર નથી. ગામમાથી તેઓની સામે કોઈએ કેસ કરેલ નથી. બીપીનભાઈના ખેતરેથી રસ્તો આગળ જાય છે કે કેમ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. જયદેવ પ્રભુના આડા મારગના ખેતરેથી તેઓના ખેતરે જવાય હરી નરસી દેવૈયાઅને કીશોર નરસીનાખેતરલીયાદના મારગે આવેલા છે.તેના ખેતરે લીયાદના મારગથી જઈ શકાય નહી. મામ.સાહેબ સમક્ષ

થયેલા કેસમા શુ નિર્ણય આવેલો તેની તેઓને કાંઈ ખબર નથી. આ કેસમા તેઓએ કલ ેકટરમા અપીલ કરેલી તેમા વાદીએ જવાબ આપેલ કે કેમ તેની તેઓનેકાંઈ ખબર નથી. મામ.સાહેબ સમક્ષ કોણે શુ લખાવેલુ તેનીતેઓને કાંઈ ખબર નથી. તેઓ વાદીના ખેતરમાથી ચાલતા નથી.

**(૧૪)** આમ સદર કામમા રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને તેમજ વંચાણે લીધા આ કામે વાદીની દાવા અરજી મુજબ વાદીના ખેતરની ઉગમણી બાજુ પ્રતિવાદી નં.૧ રે.સ.નં.૧૧ ની પશ્રિમ તરફ અને રે.સ.નં.૯૦ ની પુર્વ તરફ શરુ થઈને રે.સ.નં.૭૨ સુધી અને ત્યારબાદ રે.સ.નં.૪૫ ના ઉતરના ખુણા સુધી આવેલ હોવાનુ જણાવવામા આવેલ છે. પરંતુ વાદીની દાવા અરજીમા જણાવેલ હકિકત મુજબ સદરહુ પેટા મારગ રાજકોટ લીબડી નેશનલ હાઈવે ઉપરથી રે.સ.નં.૭/ર ના દક્ષિણ શેઢા સુધી વચ્ચેના જે ખેતર આવેલા છે તે ખેતરોના કયા પેટા મારગ થઈને આવે છે તે હકિકત વાદીએ તેમની દાવા અરજીમા જાહેર કરેલ નથી. તેમજ આ કામે રજુ થયેલ નકશો જોતા હાઈવેથી ૭/ર ના ખેતર સુધી વચ્ચેના ભાગે કોઈ ખેતરાઉ મારગ દર્શાવવામા આવેલ નથી. આમ છતા વાદીઆ મારગનો ઉપયોગ કરે છે આમ નકશા ઉપર મારગ નહી હોવા છતા વાદી તે મારગનો ઉપયોગ કરે છે. આમ વઢવાણ મામ.સાહેબના હુકમ મા જે હુકમ ફરમાવવામા આવેલ છે તે હુકમ મુજબ રે. સ. નં. ૪૫ અને ૭૦/ર વચ્ચેથી સ. ન.૪૯/ર વાળા ખેતરના વચ્ચેના ભાગેથી દક્ષિણ તરફનો રસ્તો હાલમા હયાત છે અને તે રસ્તો ગામનો નકશો જોતા હયાત છે તેવુ મામ.શ્રીએ પોતાના હુકમમા પણ ઠરાવેલ છે.તેમજ આ કામેમામ.ના હુકમ સામેકોઈ જ કાર્યવાહી કરવામા આવેલ નથી.તેમજ આ કામે રજુ થયેલ આંક–૧૫૫ ના નકશામા રે.સ.નં.૯૧/૧૯/૩,અને૯૦ ના ઓતરાદા શેઢે કોઈ પેટા મારગ આવેલો હોય તેવુ દર્શાવવામા આવેલ નથી. પરંતુ તલાટી મંત્રી શ્રી બલદાણાનાએ આપેલ નકશામા આ ત્રણેય ખેતરના ઓતરાદા ખેતરે પેટા મારગ દર્શાવવામા આવેલ છે.વધુમા આ કામે પ્રતિવાદી ઘ્વારા રજુ થયેલ નાયબકલે.શ્રીના મામ.કોર્ટ રીવીજનકેસન.૪/૧૧–૧૨ કે જે આ કામે આંક–૯૩ થી રજુ કરવામા આવેલ છે તેની સામે આપવામા આવેલ ઠરાવ જોતા તે હુકમમા નાયબ કલે.શ્રીએ પાના નં.ર ઉપર એવી હકિકત જણાવેલ છે કે મામ.કોર્ટનું રેકર્ડ તપાસતા પટેલ મકનભાઈ મગનભાઈએ તેમના નીવેદનમા જણાવ્યા મુજબ તેઓને સ.નં.૪૯/ર પૈકીના ખેતરમાથી પ્રતિ.ઓ આશરે૩૦ વર્ષથી ચાલે છે વધુમા વાદીએ તેમની દલીલમા એવી હકિકત જણાવેલ છે કે મામ. કોર્ટ સમક્ષ તેમની રુબરુ કરવામા આવેલ નિવેદન વંચાણે લઈ શકાય નહી. પરંતુ તે અંગે વાદી કોઈ ખુલાશો કરી શકેલા નથી. વાદી તરફે એવી કોઈ રજુઆત કરવાખ આવેલી નથી કે પોતે મામ.કોર્ટમા આવુ નિવેદન આપેલ નથી. અગર તો આવુ નીવેદન કોઈ દબાણના કારણે આપવામા આવેલ છે આવા સંજોગોમા મામ.સમક્ષની કાર્યવાહીમા વાદીએ જે નિવેદન આપેલ છે તે મુજબ ત્રીસ વર્ષથી પ્રતિવાદીઓ સદરહુ વાદગ્રસ્ત રસ્તાનો ઉપયોગ કરતા આવેલ છે. આવા સંજોગોમા વાદીએ એક માત્ર નકશાનો આધાર લઈને રે.સ.નં.૪૯/ર વાળા ખેતરમા થઈને જવા આવવાનો પ્રતિવાદીઓનો હકક અધિકાર નહીહોવાની જે રજુઆત કરેલ છે તે સાબીત કરવામા વાદી સફળ રહેલ નથી.

**(૧૫)** આ કામે મુદ્દા નં. ૧ થી ૪ જોવામા આવે તો તેનો મુખ્ય નિષ્કર્ષ એ નીકળે છે કે કહેવાતા વિવાદાસ્પદ રસ્તામાથી એટલે કે વાદીના રે.સ.નં. ૪૯/પૈકી/ર/૧ વાળા ખેતરમાં પેટા મારગ આવેલ છે કે કેમ અને તેમા પ્રતિવાદીઓને આવવા જવાનો હકક અધિકાર છે કે કેમ તેમજ પ્રતિવાદીઓ ચાલીસ વર્ષ થી ઈઝમેન્ટ ઓફ રાઈટની રુઈએ સદર રસ્તાનો ઉપયોગ

કરવા હકક અધિકાર ધરાવે છે કે કેમ. હવે આ કામે વાદીની અરજી મુજબ વાદીના ખેતરની ઉગમણી બાજુ પ્રીતવાદી નં.૧ ત્રિકમભાઈ ધરમશીભાઈ પટેલ રે.સ.નં. ૪૯/પેકી/૩/૧ વાળી જમીન ધરાવે છે આ ઉપરાંપ રે.સ.નં. ૫૧/૨ વાળુ ખેતર પણ પ્રતિવાદી ધરાવે છે. પ્રતિવાદી નં. ૨ રે.સ.નં.૫૦/૧, પ્રતિવાદી નં. ૩ રે.સ.નં. ૫૦/૨ તેમજ પ્રતિવાદી નં. ૪ રે.સ.નં. ૫૧/૧ વાળુ ખેતર ધરાવે છે અને તેમના ખેતરમાં જવા આવવા માટે રાજકોટ લીંબડી નેશનલ હાઈવે ઉપરથી સીધા ચુડાના માર્ગે થઈને વડોદથી બોડીયાના નદીના કાંઠાના આડા માર્ગે કે જે ભોગાવો નદીના ઉત્તરના કાંઠે પુર્વ–પશ્ચિમમાં આવેલ છે તે મારગ ઉપર ઉગમણી તરફ જઈ પોતાના કબજા ભોગવટાવાળા ખેતરથી દક્ષિણ બાજુથી જઈ આવી શકાય છે. પ્રતિવાદીને બીજો વૈકલ્પિક રસ્તો લીબડી રાજકોટ નેશનલ હાઈવે ઉપરથી ચુડાના માર્ગે થઈને લીયાદના મારગની અગ્નિ ખુણા તરફ ચાલી બોડીયા વડોદના નદી કાંઠાના આડા મારગે થઈ દક્ષિણ તરફ પોતાના ખેતરે અવાય જવાય છે. આમ પ્રતિવાદીઓ પાસે બે વૈકલ્પિક રસ્તાઓ હોવાનુ વાદીનુ કથન છે. આ કામે વાદી દવારા એવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી કે જેથી ઉપરોકત જણાવેલ બન્ને વૈકલ્પિક માર્ગ થકી પ્રતીવાદી પોતાના ખેતર સુધી આવી જઈ શકે છે. આ કામે નકશો આંક ૮૧, આંક ૮૨ થી રજુ થયેલ છે તેમજ આ કામે કેતનભાઈ માવજીભાઈ મીઠાપરાની આંક ૧૦૦ ની જુબાની જોવામા આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે નકશા ડીઆઈએલઆર કચેરી દવારા આપવામાં આવતા હોય છે જેથી અમે જે તે સર્વે નંબર વાળી જમીન ઉપર સ્થળ સ્થિતિ નકકી કરી શકીએ બાકી રસ્તા બાબતે હુ ચોકકસ કહી શકુ નહી વધુમા તેઓએ એવુ જણાવેલ છે કે તેઓ પેટા મારગ બાબતે કશુ કહી શકે નહી. આમ, સર્વે નં. ૪૯/પૈકી/૩/૧ વાળી જમીનમા જવા માટે કોઈ મારગ છે કે કેમ તે આ નકશા ઉપરથી કહી શકાય નહી. વધુમાં પ્રતિવાદીના ખેતરમા જવા માટે વાદીએ જણાવેલા વૈકલ્પિક રસ્તા થકી જઈ શકાય કે કેમ તે વાદી પુરવાર કરવામા નિષ્ફળ રહેલ છે. જેથી દાવાના ઈસ્યુ નં. ૪ નો જવાબ નકારમા આપવામાં આવે છે.

**(૧૬)** આ કામે મામલતદાર કોર્ટમા વાદીએ કરેલી અરજી જોવામા આવે તો અરજીનો હુકમ જોવામા આવે તો તેમા આંક ૧૪૯ જોવામા આવે તો તેમા અરજદારના નિવેદન મુજબ પ્રતિવાદી ત્રીસ વર્ષથી ચાલતા હોવાનુ કથન છે. જે અંગે મામલતદાર શ્રી અલ્તાફહુશેન અનવરઅલી સૈયદ દવારા આંક ૧૨૫ ની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ સદર કાર્યવાહીના નિવેદનો તેમની સમક્ષ લેવાયેલા હતા. વધુમા આ કામે આંક ૧૩૦ થી મકનભાઈ ચતુરભાઈ પટેલનુ મામલતદાર કોર્ટ સમક્ષ લીધેલુ નિવેદન જોવામા આવેતો ત્રણ વર્ષથી ચાલતા હોવાનુ જણાવેલ છે જે આ કામના વાદી દવારા રજુ રાખવામા આવેલ છે જયારે વાદી પોતાના દવારા મામલતદાર સાહેબ સમક્ષ પ્રતિવાદીઓ ત્રીસ વર્ષથી ચાલતા હોવાનુ જણાવ છે. જયારે દાવા અરજીમાં ૨૦૧૧ થી ચાલતા હોવાનુ વિસંગતતાપુર્વક જણાવે છે. આ કામે મકનભાઈ ભીખાભાઈ પટેલનુ મામલતદાર શ્રી તરફથી આંક ૧૬૫ નુ લીધેલ નિવેદન જોવામા આવેતો તેઓ વર્ષો થી ખેતરમાં જતા આવતા હોવાનુ જણાવે છે તથા રસ્તો હોવાનુ જણાવે છે. વધુમાં ભરતભાઈ કાનજીભાઈ પટેલનુ મામલતદાર શ્રી દવારા આંક ૧૬૬ થી લેવાયેલ નિવેદન જોવામા આવેતો ચાલીસ વર્ષથી જતા આવતા હોવાનુ જણાવે છે. વધુમાં ત્રિકમભાઈ ધરમશીભાઈ પટેલનુ મામલતદાર શ્રી તરફથી આંક ૧૬૭ થી લેવાયેલ નિવેદન જોવામા આવે તો તેઓ ચાલીસ વર્ષ થી આ રસ્તો આવેલ છે અને તેમાં તેઓ ચાલે છે. આ તમામ નિવેદનો આંક ૧૪૭ થી વાદી તરફે દસ્તવેજી પુરાવાથી પોતે જ રજુ રાખવામા આવેલા હોય નહિ માનવાને કોઈ કારણ નથી. જયારે રેકર્ડ પર વાદી દવારા રજુ રાખવામા આવેલ દસ્તાવેજોથી એવુ પુરવાર થતુ હોય કે પ્ર

તિવાદીઓ સર્વે નં. ૪૯/૨ વાળા ખેતરમા પુર્વ ભાગે ઓતરાદા દખણાદા શેઢે થઈને વર્ષો થી ચાલે છે. આમ, આ કામે વાદીની દાવા અરજી તથા તેનુ પુરાવાનુ સોગંદનામુ તથા પ્ર તિવાદીનુ પુરાવાનુ સોગંદનામુ તથા જવાબ વાંધા તેમજ બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ જવાબ વાંધા ધ્યાને લેતા મુદ્દા નં. ૧ તથા ૧–એ તથા ૪ તથા ૬ નો જવાબ નકારમા આપવામા આવે છે. તેમજ મુદ્દા નં. ૨–બી તથા ૩ નો જવાબ હકારમા આપવામા આવે છે.

આમ સદર કામમા રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ તેમજ પુરાવાના સોગંદનામામા રજુ થયેલ હકિકતોજોતા આ કામમા વાદી પોતાની દાવા અરજીના પેરા–૧૧ મા જણાવેલ એ થી ઈ સુધીનીદાદો પુરવાર કરવામા સદતંર નિષ્ફળ નિવડેલ હોય જેથી મુદા નં.૧ થી ૬ નો ઉપર ચર્ચા કર્યા મુજબ આપેલા નિર્ણય મુજબ મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આંખરી હુકમ કરવામા આવે છે.

–:: **<u>હુકમ</u>** ::–

(૧) વાદીઓનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ પોત પોતાનુ ખર્ચ જાતે ભોગવવુ.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખઃ ૧૪ માહેઃ ઓકટોબર સનેઃ ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪–૧૦–૨૦૨૧**
**મુ.વઢવાણ**

**(કૌશિક નરોતમભાઈ નિમાવત)**
**એડિશનલ સિવિલ જજ**
**વઢવાણ.**
**જજ કોડ નં.GJ 01576**